શ્રુત - રત્ન - નિધિ ગ્રંથમાળા પુષ્પ - ૩

# પ્રકરણાદિ
# પ્રવચન સારોદ્ધાર
# પિંડવિશુદ્ધિ
# સૂક્ત-રત્ન-મંજૂષા
## (સાર્થ)

**આજ્ઞા અને આશીર્વાદ** : સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ
પ. પૂ. આ. ભ. શ્રીમદ્
વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સા.

રાજપ્રભાવક પ. પૂ. આ. ભ. શ્રીમદ્
વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.

**સંપાદક** : મુનિ ભવ્યસુંદરવિજય

**પ્રકાશક** : શ્રમણોપાસક પરિવાર
A/301, હેરિટેજ હોલી એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નેહરુ રોડ, મુલુંડ (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૮૦.
કિશોરભાઈ Mo. 98691 48094
shraman.parivar@gmail.com

**આવૃત્તિ** : પ્રથમ **વર્ષ** : વિ. સં. ૨૦૭૨

© શ્રમણપ્રધાન શ્વે. મૂ. પૂ. (તપા.) જૈન સંઘ

ભવોદધિત્રાતા

સંયમદાતા

ગ્રહણ-આસેવનશિક્ષાપ્રદાતા

ગુરુદેવ

પ્રવચનપ્રભાવક

પ. પૂ. આ. ભ. શ્રી **વિજય**

**રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.**ના

સંયમજીવનની

સુવર્ણજયંતિ

(૫૦ વર્ષ)

પ્રસંગે

તેઓશ્રીના પાવન ચરણકમલમાં

સાદર સમર્પણ...

મુનિ ભવ્યસુંદરવિ..

## પ્રાપ્તિસ્થાન

| | |
|---|---|
| મુંબઈ | પ્રકાશક |
| અમદાવાદ | **શ્રી બાબુલાલ સરેમલજી શાહ**<br>'સિદ્ધાચલ' બંગલો, હીરા જૈન સોસાયટી,<br>રામનગર, સાબરમતી, અમદાવાદ - 380005.<br>ફોન. 079-2750 5720.<br>(મો.) 94265 85904. |
| સુરત | **શ્રી પરેશભાઈ કાંતિલાલ શાહ**<br>E-1/403, નીલકંઠ રેસિડેન્સી,<br>ન્યુ ક્રોસ રોડ, અમરોલી, સુરત - 394107.<br>ફોન. (મો.) 93235 59466. |
| અન્ય સ્થળો | (કુરિયરથી મંગાવવા માટે)<br>ભાવેશભાઈ (મો.) 94288 32660<br>વિશાલભાઈ (મો.) 98985 08480 |

# સ્વાધ્યાયનો સ્વાદિષ્ટ રસથાળ

પ્રાણવાયુ વિના
શરીરને જીવંત રાખવું
અશક્ય.
પાણી વિના
બગીચાને લીલોછમ રાખવો
અશક્ય.
તંદુરસ્ત અને મજબૂત મૂળ વિના
વૃક્ષને ધરતી પર ટકાવી રાખવું
અશક્ય.
બસ, એ જ ન્યાયે
સ્વાધ્યાય વિના
સંયમજીવનને જીવંત રાખવું,
ધબકતું રાખવું,
ટકાવી રાખવું
અશક્ય.
જ્ઞાનસાર નામના ગ્રંથમાં તો
સ્વાધ્યાય [જ્ઞાન] નો
તપમાં સમાવેશ કરી દીધો છે!
આવાં સ્વાધ્યાય માટેનો એવો
સ્વાદિષ્ટ રસથાળ [illegible]
મુનિરાજ શ્રી ભવ્યસુંદરવિજયજીએ
રજૂ કરી દીધો છે કે જેને જોતાંવેંત
જ એને આરોગી લેવાનું અને
આરોગતા રહેવાનું મન થયા વિના
ન રહે.
૫૦ જેટલા ગ્રંથોમાંથી ૧૫૦૦૦
જેટલા શ્લોકો અને ગાથાઓ
અને એમાંથી લગભગ 3000 ગાથાઓ

પસંદ કરીને જિજ્ઞાસુઓ, વાચકો અને મુમુક્ષુઓ સમક્ષ મૂકવાના એમણે કરેલા આ સ્તુત્ય અને સાર્થક પ્રયાસોની અનુમોદના કરવા માટે મારા શબ્દો ઓછા પડે છે.

પણ સબૂર !

ઘોડાને જળ ભરેલા સરોવર પાસે લઈ જઈ શકાય છે પણ પાણી તો ઘોડાએ મુખે જ પીવું પડે છે.

બસ, સંયમી પૂજ્યોને એટલું જ કહીશ કે વિદ્વદ્વર્ય મુનિવરશ્રીએ સ્વાધ્યાય માટેનો સાત્ત્વિક રસથાળ આપે રજૂ તો કરી દીધો છે પણ તૃપ્તિ અને પ્રસન્નતા અનુભવવા એ સાત્ત્વિક રસથાળના દ્રવ્યોને આરોગવાનો પુરુષાર્થ તો આપણે પોતે જ કરવો પડશે.

સ્વાધ્યાય યોગના આ સાધકો આપણે સહુ આપણાં આત્મદ્રવ્યને નિર્મળ કરતા રહેવામાં હેવ. સુક્રિયાએ સફળ બનીએ એ જ અંતરની શુભકામના સાથે

લિ.

રત્નસુંદરસૂરિ

## ગાથા ગુંજન...

વૈરાગ્યના ઉપદેશને..

આચારના અનુષ્ઠાનોને..

અધ્યાત્મના બોધને..

દ્રવ્યાનુયોગના પદાર્થોને..

આત્મલક્ષી ભાવનાઓને..

આત્માના વિકાસક્રમને..

યોગ અને અધ્યાત્મના તત્ત્વોને..

પ્રાકૃત ગાથાઓ કે સંસ્કૃત શ્લોકોમાં ગૂંથીને જ્ઞાની મહાપુરુષોએ અજબ-ગજબનો ઉપકાર કરી દીધો છે.

અધ્યાત્મની ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા એ મહાપુરુષોએ જે નિર્મળ અને દુર્લભ શુભ ભાવોનો સ્પર્શ કર્યો.. વૈરાગ્યના જે સંવેદનો અનુભવ્યા.. આગમિક - શાસ્ત્રીય પદાર્થોને ગુરુ-પરંપરાથી ઝીલ્યા.. તે ભાવસૌંદર્યને તેમણે સુંદર ગાથાઓમાં કે શ્લોકોમાં મઢી લીધું..

આઠ-નવ ગાથાના કોઈ અષ્ટકથી માંડીને સેંકડો અને સહસ્રાધિક શ્લોકોથી સમૃદ્ધ એવા વિરાટકાય અદ્ભુત ગ્રંથો આજે પણ ઉપલબ્ધ છે.

ગાથાઓ કંઠસ્થ કરવાની પાવન પરંપરા છેક પ્રભુ વીરના સમયથી આજ સુધી ચતુર્વિધ સંઘમાં ચાલી રહી છે.

આમરાજા પ્રતિબોધક શ્રી બપ્પભટ્ટીસૂરિ મ. સા. રોજની ૧ હજાર ગાથા કંઠસ્થ કરતા હતા.

સાંભળ્યું છે કે પૂ. આત્મારામજી મ. સા. રોજની ૩૦૦ ગાથા કંઠસ્થ કરતા હતા.

પેથડમંત્રી રાજદરબારમાં જતા-આવતા પાલખીમાં બેસીને ઉપદેશમાળા ગ્રંથ કંઠસ્થ કરતા હતા.

આજે પણ અનેક શ્રમણ-શ્રમણી ભગવંતો એવા છે કે જેમને ૫ હજાર કે ૧૦ હજારથી પણ વધુ ગાથાઓ કંઠસ્થ છે.

શ્રાવક વર્ગમાં તો બે પ્રતિક્રમણ કે પંચ પ્રતિક્રમણથી આગળ ગોખવાનું ચલણ ઘણું ઓછું છે. શ્રમણ-શ્રમણી વર્ગમાં પણ ગાથાઓ કંઠસ્થ કરવાની પ્રવૃત્તિમાં ઓટ આવતી જાય છે અને કંઠસ્થ કર્યા પછી નિયમિત પુનરાવર્તન દ્વારા તેને ઉપસ્થિત રાખવાનું તો વધુ મંદ બન્યું છે.

ગાથા કંઠસ્થ કરવાના અને ટકાવવાના લાભો અપરંપરા છે. તે છતાં તે બાબતની જે ઉપેક્ષા દેખાય છે તેના કારણો તપાસીએ તો એક મહત્ત્વનું કારણ તરત ઊડીને આંખે વળગે છે - તે છે ...

સૂત્ર ગ્રંથોના વિશાળ કદ.

ઉપદેશમાળા ગ્રંથ વૈરાગ્યનો અદ્‌ભુત ગ્રંથ છે. પૂ. ગુરુદેવ શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. ઉપદેશમાળા કંઠસ્થ કરવાની ખાસ પ્રેરણા કરતાં. પરંતુ તેની ૫૪૪ ગાથાનો આંકડો જોઈને જ હિંમત બહુ ઓછી થાય. તેથી સંપૂર્ણ ગ્રંથ ગોખવાનો જેમને ઉત્સાહ ન હોય તેમને ચૂંટેલી ગાથાઓ ગોખવા કહેતાં.

જૈન સાહિત્યમાં સારોદ્ધારની પણ એક સુંદર પરંપરા જોવા મળે છે. સંક્ષેપરુચિવાળા જીવો વિશાળકાય ગ્રંથના અર્કને સારોદ્ધાર દ્વારા પ્રાપ્ત કરીને પચાવી શકે. સારોદ્ધારની પરંપરાને નજર સામે રાખીને વિદ્વદ્વર્ય,

પ્રખર શાસ્ત્રાભ્યાસી અને અધ્યાપનકુશલ મુનિપ્રવર શ્રી ભવ્યસુંદરવિજય મ. સા.એ ગ્રંથો કંઠસ્થ કરવાની પ્રવૃત્તિ જોર પકડે તે ઉમદા ભાવનાથી વિશેષરૂપે કંઠસ્થ કરવા લાયક અનેક ગ્રંથોની ચૂંટેલી ગાથાઓ સંગ્રહિત કરી છે, જે પુસ્તિકારૂપે પ્રકાશિત થઈ રહી છે.

તેમની પાસે પસંદગીનો વિવેક ખૂબ સારો છે. ચોટદાર અને વિશેષ ઉપયોગી ગાથાઓને તેમણે ચૂંટી કાઢી છે. તે માટે તેમણે કેવો ભવ્ય અને સુંદર પરિશ્રમ ઉઠાવ્યો હશે, તે સમજી શકાય છે.

મને અત્યંત વિશ્વાસ છે કે તેમનો આ ભવ્ય-સુંદર પરિશ્રમ લેખે લાગશે. આ નાની-નમણી પુસ્તિકાઓના માધ્યમથી ચતુર્વિધ સંઘમાં ગાથાઓ કંઠસ્થ કરવાની પ્રવૃત્તિ ખૂબ વેગ પકડશે. હવે ચારેય બાજુ ગાથાઓના ઘોષ ગૂંજી ઉઠશે.

મુનિશ્રીને હાર્દિક ધન્યવાદ.

**- મુક્તિવલ્લભસૂરિ**

શ્રાવણ સુદ ૧, ૨૦૭૨

સાબરમતી.

## સંપાદકીય

જિનશાસનના શ્રુતજ્ઞાનરૂપી સાગરમાં અગણિત ગ્રંથરત્નો છે, જે વૈરાગ્યાદિ ભાવોથી ઝળકી રહ્યા છે..

પંચમ કાળના પ્રભાવે સ્મૃતિશક્તિ ઘટતી જવાને કારણે વર્તમાનકાલીન શ્રમણો આ ગ્રંથોને કંઠસ્થ કરી શકતા નથી કે કંઠસ્થ કર્યા પછી યાદ રાખી શકતા નથી, કારણ કે ગ્રંથો વિશાળ છે.

આવા અદ્ભુત ગ્રંથોના અદ્ભુત ભાવોથી અલ્પ ક્ષયોપશમવાળા શ્રમણો સર્વથા વંચિત ન રહે તે માટે, આ ગ્રંથોની વિશિષ્ટ વૈરાગ્યાદિ-સભર ગાથાઓને પસંદ કરીને તેનું અર્થસહિત પ્રકાશન થઈ રહ્યું છે..

પૂર્વકાલીન મહાપુરુષોએ પણ આવા પ્રયત્નો કર્યા જ છે. જેમ કે ઉપમિતિ સારોદ્ધાર (દેવેન્દ્રસૂરિજી), ઉપમિતિ સાર સમુચ્ચય (વર્ધમાનસૂરિજી), કુવલયમાલા સંક્ષેપ (રત્નપ્રભસૂરિજી), ત્રિષષ્ટિ સારોદ્ધાર (શુભંકરસૂરિજી), લઘુ પ્રવચન સારોદ્ધાર (ચંદ્રર્ષિ), સમરાદિત્ય સંક્ષેપ (પ્રદ્યુમ્નસૂરિજી), લઘુ ત્રિષષ્ટિ (મેઘવિજયજી), હૈમ લઘુ પ્રક્રિયા (મહો. વિનયવિજયજી) વગેરે...

જેમ સંક્ષિપ્ત તે ગ્રંથોથી મૂળ વિસ્તૃત ગ્રંથોનું મહત્ત્વ ઘટ્યું નથી કે લોપ થયો નથી; તેમ આ સંક્ષિપ્ત પ્રકાશનથી મૂળ ગ્રંથોના લોપ થવાની કે મહત્ત્વ ઘટવાની સંભાવના રહેતી નથી.

જોકે વિશિષ્ટ ક્ષયોપશમવાળા શ્રમણ ભગવંતો તો સંપૂર્ણ મૂળ ગ્રંથો ભણે જ, તેવી મારી ખાસ ભલામણ છે..

ગાથાઓની પસંદગીમાં વૈરાગ્યાદિ-જનનશક્તિ ઉપરાંત વિવિધતા, ગોખવાની સરળતા, અર્થની સુબોધતા વગેરે નજરમાં રાખ્યા છે.

મૂળગ્રંથગત ક્રમને પ્રધાન ન કરતાં, સરખા વિષયવાળી ગાથાઓ એકસાથે આવે તે રીતે ક્રમ લીધો છે.

મૂળ ગ્રંથનો ગાથાક્રમ, દરેક ગાથાની પૂર્વે લખેલો છે. ગાથાના અંતે ક્રમિક ક્રમ આપેલો છે. ગોખવાની સરળતા તથા સુબોધતા માટે ક્યાંક સંધિનો વિગ્રહ કર્યો છે.

સંપૂર્ણ ગ્રંથ કંઠસ્થ નહીં કરી શકનારા શ્રમણ શ્રમણી ભગવંતો આ ગ્રંથોને કંઠસ્થ કરે, રાખે, તેના અર્થ સહિત પરાવર્તન દ્વારા આત્માને વૈરાગ્યાદિ ભાવોથી ભાવિત કરીને શીઘ્ર મુક્તિગામી બને એ જ આ પ્રકાશનનો ઉદ્દેશ્ય છે..

સંપાદન-અર્થસંકલનમાં કોઈ ક્ષતિ રહી હોય તો જણાવવા બહુશ્રુત ગીતાર્થોને વિનંતી છે.

ગ્રંથમાં જિનાજ્ઞા વિરુદ્ધ / ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કાંઈપણ પ્રતિપાદન થયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્.

દ.
ભવ્યસુંદરવિ.
વિ. સં. ૨૦૭૨, શ્રા. સુ. ૧૦,
મહાવીરનગર, હિંમતનગર.

# શ્રુત - રત્ન - નિધિ ગ્રંથમાળા

| પુષ્પ | ગ્રંથો |
|---|---|
| ૧. | વૈરાગ્યશતકાદિ, કુલકો ભાગ-૧, કુલકો ભાગ-૨ |
| ૨. | ઉપદેશમાળા, પુષ્પમાળા, ભવભાવના |
| ૩. | પ્રકરણાદિ, પ્રવચન સારોદ્ધાર, પિંડવિશુદ્ધિ |
| ૪. | આવશ્યકનિર્યુક્તિઆદિ, પંચવસ્તુક, યતિદિનકૃત્ય |
| ૫. | સંબોધ પ્રકરણ, સંબોધસિત્તરિ-પંચસૂત્ર |
| ૬. | શાંત સુધારસ, પ્રશમરતિ, અધ્યાત્મકલ્પદ્રુમ |
| ૭. | જ્ઞાનસાર, અધ્યાત્મસાર, અધ્યાત્મ ઉપનિષદ્ આદિ |
| ૮. | ષોડશક આદિ, યોગબિંદુ આદિ, દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા |
| ૯. | વીતરાગ સ્તોત્ર, સ્તુતિસંગ્રહ |
| ૧૦. | યોગશાસ્ત્ર, યોગસાર આદિ, યતિલક્ષણસમુચ્ચય આદિ |

## ઋણ સ્વીકાર

૧. મૂળ ગ્રંથોના કર્તા - જ્ઞાની પૂર્વ મહર્ષિઓ

૨. આશીર્વાદ - પ્રેરણા - પ્રોત્સાહન - માર્ગદર્શન આપનારા
સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ. સા.
ભવોદધિતારક ગુરુદેવ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **રત્નસુંદરસૂરીશ્વરજી** મ. સા.
તાર્કિક શિરોમણિ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **જયસુંદરસૂરીશ્વરજી** મ. સા.

૩. સુંદર પ્રસ્તાવના દ્વારા પ્રકાશનને અલંકૃત કરનાર
શાસન પ્રભાવક પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **મુક્તિવલ્લભસૂરીશ્વરજી** મ. સા.

૪. ગાથાઓની પસંદગી અને સંપાદનકાર્યમાં સહાય કરનાર
પ. પૂ. મુનિ શ્રી **મૃદુસુંદરવિ.** મ. સા.
પ. પૂ. મુનિ શ્રી **નિર્મળસુંદરવિ.** મ. સા.

૫. ઝીણવટપૂર્વક અર્થનું સંશોધન અને પ્રુફરીડિંગ કરનારા
દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય **ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.**ના પ્રશિષ્યો
પૂ. મુ. શ્રી **ત્રિભુવનરત્નવિ.** મ. સા.
પૂ. મુ. શ્રી **હિતાર્થરત્નવિ.** મ. સા.

૬. જે પ્રકાશનોમાંથી મૂળપાઠ અને ક્યાંક અર્થો પણ લીધા છે, તે પ્રકાશકો અને તેના સંપાદકો

આ બધાની કૃપા - પ્રેરણા - સહાયતાના ફળસ્વરૂપે આ કાર્ય સંભવિત બન્યું છે, તે સહુનો હું અત્યંત ઋણી છું.

મુ. ભવ્યસુંદરવિ.

## સંપૂર્ણ ગ્રંથમાળાના પ્રકાશનનો લાભ

૧. શ્રી મહેસાણા ઉપનગર જૈન સંઘ, મહેસાણા.

૨. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન મંદિર, માલવીયનગર, જયપુર.

૩. શ્રી જવાહરનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ગોરેગામ (વેસ્ટ), મુંબઈ.

૪. શ્રી દહાણુકરવાડી મહાવીરનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ.

૫. શ્રી શાંતિનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, મીરાં રોડ, જિ. થાણા.

૬. શ્રી નવજીવન શ્વે. મૂ. જૈન સંઘ, નવજીવન સોસાયટી, મુંબઈ.

૭. શ્રી મુલુંડ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ઝવેર રોડની શ્રાવિકા બહેનો, મુલુંડ (વેસ્ટ), મુંબઈ.

એ જ્ઞાનનિધિમાંથી લીધો છે.
તેમની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

\- પ્રકાશક

આ ગ્રંથનું પ્રકાશન જ્ઞાનદ્રવ્યમાંથી થયું હોવાથી ગૃહસ્થે રૂા. ૩૦/-
જ્ઞાનખાતે ચૂકવ્યા વિના માલિકી કરવી નહીં.

# પ્રકરણાદિ

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

શાંતિસૂરિ, પૂર્વાચાર્ય, ગજસાર મુનિ, દેવેન્દ્રસૂરિ

| | |
|---|---|
| **ગ્રંથ** | : પ્રકરણ-ભાષ્ય-કર્મગ્રંથ સૂક્તરત્નમંજૂષા (સાર્થ) |
| **આધારગ્રંથ** | : ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, પ્રથમ કર્મગ્રંથ |
| **આધારગ્રંથકર્તા** | : શાંતિસૂરિ, પૂર્વાચાર્ય, ગજસાર મુનિ, દેવેન્દ્રસૂરિ |
| **અર્થસંકલન** | : પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા. |
| **અર્થસંશોધન** | : દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય... પ. પૂ. મુ. શ્રી ત્રિભુવનરત્નવિ. મ. સા. |
| **ભાષા** | : પ્રાકૃત, ગુજરાતી |
| **વિષય** | : દ્રવ્યાનુયોગ |

~~ शान्तिसूरिकृतं जीवविचारप्रकरणम् ~~

१ भुवणपईवं वीरं, नमिऊण भणामि अबुहबोहत्थं ।
जीवसरूवं किंचि वि, जह भणियं पुव्वसूरीहिं ॥१॥

ત્રણ ભુવનમાં દીપક સમાન શ્રી વીરસ્વામીને નમસ્કાર કરીને અજ્ઞાની જીવોને જ્ઞાન આપવા માટે પૂર્વાચાર્યોએ કહેલ જીવના કંઈક સ્વરૂપને કહીશ.

९ कंदा अंकुरकिसलय-पणगा सेवाल भूमिफोडा य ।
अल्लयतियगज्जर मोत्थ, वत्थुला थेग पल्लंका ॥२॥

કાંદા/કંદમૂળ, અંકુર, કુંપળ, ફૂગ, સેવાળ, બિલાડીના ટોપ, ત્રણ લીલા (હળદર, આદુ, કચૂરો), ગાજર, મોથ, વત્થુલા (ભાજી), પોંક, પાલક...

१० कोमलफलं च सव्वं, गूढसिराइं सिणाइं पत्ताइं ।
थोहरि कुंआरि गुग्गुलि, गलोयपमुहाइ छिन्नरुहा ॥३॥

બધા કોમળ ફળ, ગુપ્ત નસોવાળા શિણ વગેરેના પાંદડા, થોર, કુંવારપાઠું, ગુગળ, ગળો વગેરે જે કાપતાં વધે તે...

११ इच्चाइणो अणेगे, हवंति भेया अणंतकायाणं ।
तेसिं परिजाणणत्थं, लक्खणमेयं सुए भणियं ॥४॥

આ બધા વગેરે અનેક અનંતકાયના ભેદ છે. તેના જ્ઞાન માટે શાસ્ત્રમાં આ લક્ષણ કહ્યું છે...

१२ गूढसिरसंधिपव्वं, समभंगमहीरगं च छिन्नरुहं ।
साहारणं सरीरं, तव्विवरीअं च पत्तेयं ॥५॥

નસ-સાંધા-ગાંઠ ગુપ્ત હોય, ભાંગતા સરખા બે ભાગ થાય, હીરક (તાંતણો) ન હોય અને કાપતાં વધે તે સાધારણ (અનંતકાય) વનસ્પતિનું શરીર જાણવું. તેનાથી વિપરીત તે પ્રત્યેક શરીર જાણવું.

१३ एगसरीरे एगो, जीवो जेसिं तु ते य पत्तेया ।
फलफूलछल्लिकट्ठा-मूलगपत्ताणि बीयाणि ॥६॥

જેના એક શરીરમાં એક જીવ હોય તે ફળ, ફૂલ, છાલ, કાષ્ઠ, મૂળ, પાંદડા અને બી પ્રત્યેક વનસ્પતિકાય છે.

१५ संख-कवड्डय-गंडुल,
जलोय-चंदणग-अलस-लहगाइ ।
मेहरि-किमि-पूयरगा,
बेइंदिय माइवाहाइ ॥७॥

શંખ, કોડી, ગંડોલા, જળો, ચંદનક, અળસિયા, લાળીયા જીવો, મામણમુંડા, કરમિયા, પોરા, ચૂડેલ વગેરે બેઈન્દ્રિય છે.

१६ गोमी मंकण जूआ, पिप्पीलि उद्देहिया य मक्कोडा ।
इल्लिय-घयमिल्लीओ, सावयगोकीडजाइओ ॥८॥

કાનખજૂરા, માંકડ, જૂ, કીડી, ઊધઈ, મંકોડા, ઈયળ, ઘીમેલ, સાવા, ગીંગોડાની જાતિઓ...

१७ गद्दहय चोरकीडा, गोमयकीडा य धन्नकीडा य ।
कुंथु गोवालिय इलिआ, तेइंदिय इंदगोवाइ ॥९॥

ગદ્દૈયા, વિષ્ઠાના કીડા, છાણના કીડા, ધનેડા, કુંથુઆ, ગોપાલિક, ઈયળ, ગોકળગાય વગેરે તેઈન્દ્રિય છે.

१८ चउरिंदिया य विच्छू,
ढिंकुण-भमरा य भमरिया तिड्डा ।
मच्छिय डंसा मसगा,
कंसारी कविलडोलाइ ॥१०॥

વીંછી, બગાઈ, ભમરા, ભમરી, તીડ, માખી, ડાંસ, મચ્છર, વાંદા, કરોળિયા, ખડમાંકડી વગેરે ચઉરિન્દ્રિય છે.

३८ सव्वे सुहुमा साहारणा य, संमुच्छिमा मणुस्सा य ।
उक्कोस-जहन्नेणं, अंतमुहुत्तं चिय जियंति ॥११॥

બધા સૂક્ષ્મ, સાધારણ (અનંતકાય) જીવો અને સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્કૃષ્ટ કે જઘન્યથી અંતર્મુહૂર્ત જ જીવે છે.

४० एगिंदिया य सव्वे, असंखउस्सप्पिणी सकायंमि ।
उववज्जंति चयंति य, अणंतकाया अणंताओ ॥१२॥

બધા એકેન્દ્રિયો, સ્વકાયમાં અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી જન્મ-મરણ કરે છે. અનંતકાય અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી કરે છે.

४१ संखिज्जसमा विगला, सत्तट्ठभवा पणिंदि तिरिमणुआ ।
उववज्जंति सकाए, नारयदेवा य नो चेव ॥१३॥

વિકલેન્દ્રિયો સંખ્યાત વર્ષ, પંચેન્દ્રિયતિર્યંચ અને મનુષ્ય સાત-આઠ ભવ સ્વકાયમાં જન્મે છે. નારકો અને દેવો સ્વકાયમાં જન્મતા નથી.

~~ पूर्वाचार्यकृतं नवतत्त्वप्रकरणम् ~~

१ जीवाजीवा पुण्णं, पावासव-संवरो य निज्जरणा ।
बंधो मुक्खो य तहा, नवतत्ता हुंति नायव्वा ॥१४॥

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વો જાણવા.

६ आहार-सरीरिंदिय-पज्जत्ती आणपाण-भास-मणे ।
चउ पंच पंच छप्पिय-इगविगलासन्निसन्नीणं ॥१५॥

આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એ છ પર્યાપ્તિ છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિયને અનુક્રમે ૪, ૫, ૫ અને ૬ પર્યાપ્તિ હોય.

७ पणिंदिअत्तिबलूसासाउ दस पाण चउ छ सग अट्ठ ।
इगदुतिचउरिंदीणं, असन्निसन्नीण नव दस य ॥१६॥

પાંચ ઈન્દ્રિય, ત્રણ બળ, ઉચ્છ્વાસ અને આયુષ્ય એ દસ પ્રાણ છે. એકેન્દ્રિયને ૪, બેઈન્દ્રિયને ૬, તેઈન્દ્રિયને ૭, ચઉરિન્દ્રિયને ૮, અસંજ્ઞીપંચેન્દ્રિયને ૯ અને સંજ્ઞીપંચેન્દ્રિયને ૧૦ પ્રાણ હોય છે.

९ धम्माधम्मापुग्गल-नह कालो पंच हुंति अज्जीवा ।
चलणसहावो धम्मो, थिरसंठाणो अहम्मो य ॥१७॥

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એ પાંચ અજીવ છે. ધર્માસ્તિકાય ગતિસહાયક છે અને અધર્માસ્તિકાય સ્થિતિસહાયક છે.

१० अवगाहो आगासं, पुग्गलजीवाण पुग्गला चउहा ।
खंधा देस पएसा, परमाणु चेव नायव्वा ॥१८॥

આકાશાસ્તિકાય પુદ્ગલ અને જીવોને અવગાહ (જગ્યા) આપનાર છે. પુદ્ગલો સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એ ચાર પ્રકારના જાણવા.

११ सद्दंधयारउज्जोअ-पभाछायातवेहि य ।
वण्णगंधरसाफासा, पुग्गलाणं तु लक्खणं ॥१९॥

શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, પડછાયો, આતપ, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ પુદ્ગલના લક્ષણ છે.

१२ एगा कोडि सत्तसट्ठी, लक्खा सत्तहत्तरि सहस्सा य ।
दो य सया सोलऽहिया, आवलिआ इगमुहुत्तंमि ॥२०॥

એક મુહૂર્તમાં ૧ ક્રોડ, ૬૭ લાખ, ૭૭ હજાર અને ૨૧૬ આવલિકા થાય.

२१ इंदिय कसाय अव्वय-
जोगा पंच चउ पंच तिन्नि कमा ।
किरिआओ पणवीसं,
इमा उ ताओ अणुक्कमसो ॥२१॥

૫ ઈન્દ્રિય, ૪ કષાય, ૫ અવ્રત, ૩ યોગ અને ૨૫ ક્રિયા એ ૪૨ આશ્રવ છે. ૨૫ ક્રિયા અનુક્રમે આ છે...

२२ काइअ अहिगरणिआ, पाउसिअ-पारितावणी किरिया ।
पाणाइवायरंभिअ, परिग्गहिया मायावत्ती य ॥२२॥

કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી, પ્રાણાતિપાતિકી, આરંભિકી, પારિગ્રહિકી અને માયાપ્રત્યયિકી...

२३ मिच्छादंसणवत्ती, अपच्चक्खाणा य दिट्ठीपुट्ठिअ ।
पाडुच्चिअ सामंतोवणीअनेसत्थि साहत्थि ॥२३॥

મિથ્યાદર્શનપ્રત્યયિકી, અપ્રત્યાખ્યાનિકી, દષ્ટિકી, સ્પૃષ્ટિકી, પ્રાતિત્યકી (બીજાના નિમિત્તે થાય તે), સામંતોપનિપાતિકી, નૈસૃષ્ટિકી (ત્યાગવું), સ્વહસ્તિકી...

२४ आणवणि विआरणिआ,
अणभोगा अणवकंखपच्चइआ ।
अन्ना पओगसमुदाण,
पिज्जदोसेरियावहिया ॥२४॥

આજ્ઞાપનિકી, વિદારણિકી, અનાભોગિકી, અનવકાંક્ષ-પ્રત્યયિકી (નિષ્ઠુરપણું), પ્રાયોગિકી (મન-વચન-કાયા), સામુદાનિકી (સમૂહમાં કરવું), પ્રેમિકી, દ્વેષિકી, ઈર્યાપથિકી.. (આ ૨૫ ક્રિયા છે.)

२५ समिइगुत्तीपरिसह-जइधम्मो भावणा चरित्ताणि ।
पणतिदुवीसदसबार-पंचभेएहिं सगवन्ना ॥२५॥

૫ સમિતિ, ૩ ગુપ્તિ, ૨૨ પરિષહ, ૧૦ યતિધર્મ, ૧૨ ભાવના, ૫ ચારિત્ર એ ૫૭ સંવરના ભેદો છે.

२७ खुहा पिवासा सीउण्हं,
दंसाचेलारइत्थिओ ।
चरिआ निसीहिआ सिज्जा,
अक्कोस वह जायणा ॥२६॥

ભૂખ, તરસ, ઠંડી, ગરમી, દંશ, અચેલ, અરતિ, સ્ત્રી, ચર્યા (વિહાર), નિષદ્યા (સ્મશાન વગેરેમાં રહેવું), શય્યા (ઉબડ-ખાબડ જમીન પર સૂવું), આક્રોશ, વધ, યાચના...

૨૮ अलाभ रोग तणफासा, मलसक्कार परिसहा ।
पन्ना अन्नाण सम्मत्तं, इअ बावीस परिसहा ॥२७॥

અલાભ, રોગ, તૃણસ્પર્શ, મલ, સત્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન, સમ્યક્ત્વ એ ૨૨ પરિષહો છે.

૨૯ खंती मद्दव अज्जव, मुत्ती तव संजमे अ बोधव्वे ।
सच्चं सोअं आकिंचणं च, बंभं च जइधम्मो ॥२८॥

ક્ષમા, મૃદુતા, આર્જવ (સરળતા), મુક્તિ (નિર્લોભતા), તપ, સંયમ, સત્ય, શૌચ (પવિત્રતા), આકિંચન્ય (નિર્મમત્વ), બ્રહ્મચર્ય એ ૧૦ યતિધર્મ છે.

૩૦ पढममणिच्चमसरणं, संसारो एगया य अन्नत्तं ।
असुइत्तं आसव, संवरो य तह निज्जरा नवमी ॥२९॥

પહેલી અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આશ્રવ, સંવર, નવમી નિર્જરા...

૩૧ लोगसहावो बोहि-दुल्लहा धम्मस्स साहगा अरिहा ।
एआओ भावणाओ, भावेअव्वा पयत्तेणं ॥३०॥

લોકસ્વભાવ, બોધિદુર્લભતા, ધર્મના દેશક અરિહંતો.. આ ૧૨ ભાવના પ્રયત્નપૂર્વક ભાવવી.

૩૨ सामाइअत्थ पढमं, छेओवट्ठावणं भवे बीअं ।
परिहारविसुद्धिअं, सुहुमं तह संपरायं च ॥३१॥

પહેલું સામાયિક, બીજું છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાય...

३३ तत्तो अ अहक्खायं, खायं सव्वंमि जीवलोगंमि ।
जं चरिऊण सुविहिआ, वच्चंति अयरामरं ठाणं ॥३२॥

અને સર્વ જીવલોકમાં પ્રસિદ્ધ એવું યથાખ્યાત ચારિત્ર છે, જેને આચરીને સુવિહિત સાધુઓ મોક્ષે જાય છે.

३४ अणसणमूणोअरिआ, वित्तीसंखेवणं रसच्चाओ ।
कायकिलेसो संलीणया य, बज्झो तवो होइ ॥३३॥

અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા એ ૬ બાહ્યતપ છે.

३५ पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं उस्सग्गो वि अ, अब्भितरओ तवो होइ ॥३४॥

પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ (કાયોત્સર્ગ) એ ૬ અભ્યંતર તપ છે.

३७ पयइ सहावो वुत्तो, ठिइ कालावहारणं ।
अणुभागो रसो णेओ, पएसो दलसंचओ ॥३५॥

પ્રકૃતિ એટલે સ્વભાવ કહ્યો છે, સ્થિતિ એટલે કાળનો નિશ્ચય, અનુભાગ એટલે રસ જાણવો. દલિતનો સમૂહ તે પ્રદેશ, એ ૪ પ્રકારે બંધ છે.

૫૬ जिण अजिण तित्थऽतित्था,
गिहि अन्न सलिंग थी नर नपुंसा ।
पत्तेय सयंबुद्धा,
बुद्धबोहिय इक्कऽणिक्का य ॥३६॥

જિન, અજિન, તીર્થ, અતીર્થ, ગૃહસ્થલિંગ, અન્યલિંગ, સ્વલિંગ, સ્ત્રી, પુરુષ, નપુંસક, પ્રત્યેકબુદ્ધ, સ્વયંબુદ્ધ, બુદ્ધબોધિત, એક અને અનેક - આ સિદ્ધના ૧૫ ભેદો છે.

૫૧ जीवाइ नवपयत्थे, जो जाणइ तस्स होइ सम्मत्तं ।
भावेण सद्दहंतो, अयाणमाणे वि सम्मत्तं ॥३७॥

જીવાદિ ૯ તત્ત્વોને જે જાણે છે, તેને સમ્યક્ત્વ હોય છે. ન જાણનાર પણ ભાવથી શ્રદ્ધા કરે તો પણ સમ્યક્ત્વ છે.

૫૨ सव्वाइं जिणेसरभासिआइं, वयणाइं नन्नहा हुंति ।
इअ बुद्धी जस्स मणे, सम्मत्तं निच्चलं तस्स ॥३८॥

'જિનેશ્વરે કહેલા સર્વ વચનો અન્યથા હોતા નથી', એવી બુદ્ધિ જેના મનમાં છે, તેનું સમ્યક્ત્વ નિશ્ચલ છે.

૫૩ अंतोमुहुत्तमित्तं पि, फासिअं हुज्ज जेहिं सम्मत्तं ।
तेसिं अवड्ढपुग्गल-परियट्टो चेव संसारो ॥३९॥

જેને એક અંતર્મુહૂર્ત પણ સમ્યક્ત્વ સ્પર્શ્યું હોય, તેનો સંસાર ઉત્કૃષ્ટથી અર્ધ પુદ્‌ગલ પરાવર્ત જ રહે છે.

६० जइआइ होइ पुच्छा, जिणाण मग्गंमि उत्तरं तइआ ।
इक्कस्स निगोअस्स, अणंतभागो य सिद्धिगओ ॥४०॥

જિનેશ્વરના માર્ગમાં જ્યારે પણ (સિદ્ધોની સંખ્યાનો પ્રશ્ન) પૂછાય ત્યારે આ જ ઉત્તર છે : એક નિગોદનો અનંતમો ભાગ જ મોક્ષે ગયો છે.

४३ संतपयपरूवणया, दव्वपमाणं च खित्त फुसणा य ।
कालो अ अंतरं भाग, भावे अप्पाबहुं चेव ॥४१॥

સત્પદપ્રરૂપણા, દ્રવ્યપ્રમાણ, ક્ષેત્ર, સ્પર્શના, કાળ, અંતર, ભાગ, ભાવ અને અલ્પબહુત્વ એ ૯ દ્વાર છે.

~~ गजसारमुनिकृतं दंडकप्रकरणम् ~~

११ थावर-सुर-नेरइआ, असंघयणा य विगल-छेवट्ठा ।
संघयण छग्गं गब्भय, नरतिरिएसु वि मुणेयव्वं ॥४२॥

સ્થાવર, દેવ, નારકો સંઘયણરહિત છે. વિકલેન્દ્રિયોને છેવટ્ઠું, ગર્ભજમનુષ્ય અને પંચેન્દ્રિયતિર્યંચને છએ સંઘયણ જાણવા.

१६ वेयणकसायमरणे, वेउव्विय तेयए अ आहारे ।
केवलि य समुग्घाया, सत्त इमे हुंति सन्नीणं ॥४३॥

વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજસ, આહારક અને કેવલી આ ૭ સમુદ્ઘાત છે. સંજ્ઞીને સાતે હોય.

~~ देवेन्द्रसूरिकृतं चैत्यवन्दनभाष्यम् ~~

११ भाविज्ज अवत्थतियं, पिंडत्थ पयत्थ रूवरहिअत्तं ।
छउमत्थ-केवलित्तं, सिद्धत्तं चेव तस्सत्थो ॥४४॥

પ્રભુની પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત એ ત્રણ અવસ્થા ભાવવી. છદ્મસ્થપણું, કેવલિપણું અને સિદ્ધપણું એ અનુક્રમે પિંડસ્થાદિના અર્થ છે.

१३ उड्ढाहोतिरिआणं, तिदिसाण निरीक्खणं चइज्जऽहवा ।
पच्छिम-दाहिण-वामाण, जिणमुहन्नत्थदिट्ठीजुओ ॥४५॥

પ્રભુના દર્શન કરતાં ઉપર-નીચે અને તિર્છી એ ત્રણ દિશામાં જોવું નહીં, અથવા પાછળ-જમણે-ડાબે જોવું નહીં. ભગવાનના મુખ પર દૃષ્ટિ રાખવી.

१५ अन्नुन्नंतरिअंगुलि-कोसागारेहिं दोहिं हत्थेहिं ।
पिट्टोवरि कुप्पर-संठिएहिं तह जोगमुद्द त्ति ॥४६॥

એકબીજાના આંતરામાં પરોવેલ આંગળીઓથી ડોડાના આકારે કરેલા અને પેટ ઉપર કોણી રાખેલા બે હાથથી યોગમુદ્રા થાય.

१६ चत्तारि अंगुलाइं, पुरओ ऊणाइं जत्थ पच्छिमओ ।
पायाणं उस्सग्गो, एसा पुण होइ जिणमुद्दा ॥४७॥

જેમાં બે પગ વચ્ચેનું અંતર આગળ ચાર આંગળ, પાછળ કંઈક ઓછું રાખીને કાયોત્સર્ગ કરાય (ઊભા રહેવાય) તે જિનમુદ્રા છે.

१७ मुत्तासुत्तीमुद्दा, जत्थ समा दो वि गब्भिआ हत्था ।
ते पुण निलाडदेसे, लग्गा अन्ने अलग्ग त्ति ॥४८॥

જેમાં સામસામે પોલા રાખેલા બે હાથ જોડીને કપાળ પર લગાડવામાં આવે તે મુક્તાશુક્તિમુદ્રા. કેટલાકના મતે હાથ કપાળે લગાડવાના નથી.

१८ पंचंगो पणिवाओ, थयपाढो होइ जोगमुद्दाए ।
वंदण जिणमुद्दाए, पणिहाणं मुत्तसुत्तीए ॥४९॥

પંચાંગ પ્રણિપાત અને સ્તુતિપાઠ યોગમુદ્રામાં થાય. વંદન જિનમુદ્રામાં અને પ્રાર્થના મુક્તાશુક્તિમુદ્રામાં થાય.

२२ वंदंति जिणे दाहिण-
दिसिट्ठिआ पुरिस वामदिसि नारी ।
नवकर जहन्न सट्ठिकर,
जिट्ठ मज्झुग्गहो सेसो ॥५०॥

પુરુષો (ભગવાનની) જમણી બાજુ રહીને અને સ્ત્રીઓ ડાબી બાજુ રહીને ભગવાનને વંદન કરે. જઘન્ય અવગ્રહ ૯ હાથનો, ઉત્કૃષ્ટ ૬૦ હાથનો, વચ્ચેનો મધ્યમ અવગ્રહ છે.

૫૦ चउ वंदणिज्ज जिण-मुणी-
सुय-सिद्धा इह सुराइ सरणिज्जा ।
चउह जिणा नाम-ठवण-
दव्व-भावजिणभेएणं ॥५१॥

ભગવાન, સાધુ, શ્રુત અને સિદ્ધો એ ૪ વંદનીય છે, દેવાદિ સ્મરણીય છે. નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવજિન એ ૪ પ્રકારે જિન છે.

૫૫ अन्नत्थयाइ बारस,
आगारा एवमाइया चउरो ।
अगणी पणिंदिछिंदण,
बोहीखोभाइ डक्को य ॥५२॥

અન્નત્થ ઊસસિએણં વગેરે ૧૨ આગારો અને આગ લાગવી, પંચેન્દ્રિયનો વધ (અથવા આડ પડે ત્યારે), ચોરનો ઉપદ્રવ અને સર્પદંશ એ ચાર આગારો છે. (આવા પ્રસંગે હલવા છતાં કાઉસ્સગ્ગનો ભંગ થતો નથી.)

૫૬ घोडग लय खंभाइ,
मालुद्धी निअल सबरी खलिण वहू ।
लंबुत्तर थण संजई,
भमुहंगुली वायस कविट्ठो ॥५३॥

ઘોટક (પગ વાંકો રાખવો), લતા (શરીર હલાવવું), થાંભલાદિનો ટેકો, માળાને માથું ટેકવવું, ઉદ્ધિ (ગાડાની ઊધની જેમ પગ જોડેલા રાખવા), બેડી (પગ પહોળા રાખવા), શબરી (હાથ ગુહ્ય અંગ આગળ રાખવા), ખલીન (લગામની જેમ રજોહરણ પકડવું), વધૂ (માથું નમેલું રાખવું), લંબુત્તર (ચોલપટ્ટો લાંબો રાખવો), સ્તન (છાતી પર કપડો ઓઢવો), સંયતી (માથે ઓઢવું), આંગળીથી ગણવું, કાગડાની જેમ ચારે બાજુ જોવું, કોઠાના ફળની જેમ ચોલપટ્ટાનો ડૂચો વાળવો...

૫૭ सिरकंप मूअ वारुणी,
पेह त्ति चइज्ज दोस उस्सग्गे ।
लंबुत्तर थण संजई,
न दोस समणीण सवहु सड्ढीणं ॥५४॥

માથું હલાવવું, મૂંગાની જેમ 'હં હં' કરવું, દારુની જેમ 'બુડ બુડ' અવાજ કરવો, વાંદરાની જેમ હોઠ ફફડાવવા.. આ દોષો કાઉસ્સગ્ગમાં તજવા. સાધ્વીને લંબુત્તર, સ્તન અને સંયતીદોષ નથી. શ્રાવિકાને એ ઉપરાંત વધૂદોષ પણ નથી.

~~ देवेन्द्रसूरिकृतं गुरुवन्दनभाष्यम् ~~

१ गुरुवंदणमह तिविहं, तं फिट्टाछोभबारसावत्तं ।
सिरनमणाइसु पढमं, पुण्ण खमासमणदुगि बीअं ॥५५॥

ગુરુવંદન ત્રણ પ્રકારનું છે : ફિટ્ટા, થોભ અને દ્વાદશાવર્ત. માથું નમાવવું વગેરે ફિટ્ટા, બે ખમાસમણથી પૂર્ણ વંદન તે થોભ.

४ तइयं तु छंदणदुगे, तत्थमिहो आइमं सयलसंघे ।
बीयं तु दंसणीण य, पयट्ठिआणं च तइअं तु ॥५६॥

બે વાંદણા તે દ્વાદશાવર્ત. તેમાં પહેલું સકળ સંઘને, બીજું શ્રમણોને અને પદવીધરને ત્રીજું વંદન કરવાનું છે.

१४ माय पिय जिट्ठभाया, ओमा वि तहेव सव्वरायणिए ।
किइकम्म न कारिज्जा, चउसमणाइ कुणंति पुणो ॥५७॥

માતા, પિતા, મોટા ભાઈ પર્યાયમાં નાના હોય તોપણ અને બધા રત્નાધિક પાસે વંદન ન કરાવવું. બાકીના સાધુ વગેરે ચાર (સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા) વંદન કરે.

१५ विक्खित्त-पराहुत्ते अ, पमत्ते मा कयाइ वंदिज्जा ।
आहारं नीहारं, कुणमाणे काउकामे य ॥५८॥

કાર્યમાં વ્યસ્ત, પરાઙ્મુખ, નિદ્રા વગેરેમાં પ્રમત્ત, આહાર કે નીહાર કરતા/કરવા જઈ રહેલા ગુરુને ક્યારેય વંદન ન કરવું.

१६ पसंते आसणत्थे अ, उवसंते उवट्ठिए ।
अणुन्नवित्तु मेहावी, किइकम्मं पउंजइ ॥५९॥

પ્રશાંત (વ્યસ્ત નહીં), આસને બેઠેલા, ઉપશાંત (ક્રોધમાં નહીં) અને ઉપસ્થિત (વંદન લેવા તૈયાર) ગુરુની રજા લઈને મર્યાદાવંત શિષ્યે વંદન કરવું.

१७ पडिक्कमणे सज्झाए, काउस्सग्गावराहपाहुणए ।
आलोयणसंवरणे, उत्तमट्ठे य वंदणयं ॥६०॥

પ્રતિક્રમણ, સ્વાધ્યાય, કાઉસ્સગ્ગ, અપરાધની ક્ષમાપના, પ્રાઘૂર્ણક, આલોચના, પચ્ચક્ખાણ અને અનશન - આઠ અવસરે વંદન કરવું.

१८ दोऽवणयमहाजायं, आवत्ता बार चउसिर तिगुत्तं ।
दुपवेसिगनिक्खमणं, पणवीसावस्सय किइकम्मे ॥६१॥

બે અવનત (નમસ્કાર), યથાજાત (જન્મ સમયની મુદ્રા), ૧૨ આવર્ત, ૪ શીર્ષનમન, ત્રણ ગુપ્તિ, બે પ્રવેશ અને એક નિષ્ક્રમણ - વંદનમાં આ ૨૫ આવશ્યક છે.

१९ किइकम्मं पि कुणंतो, न होइ किइकम्मनिज्जराभागी ।
पणवीसामन्नयरं, साहू ठाणं विराहंतो ॥६२॥

પચ્ચીશ આવશ્યકમાંથી એકની પણ વિરાધના કરતો સાધુ વંદન કરવા છતાં વંદનથી થતી નિર્જરાને પામતો નથી.

२२ आवस्सएसु जह जह, कुणइ पयत्तं अहीणमइरित्तं ।
तिविहकरणोवउत्तो, तह तह से निज्जरा होइ ॥६३॥

મન-વચન-કાયાના ઉપયોગ પૂર્વક જેમ જેમ આવશ્યકમાં અન્યૂનાતિરિક્ત (વિધિપૂર્વક) પ્રયત્ન કરે, તેમ તેમ વધુ નિર્જરા થાય.

२३ दोस अणाढिय थड्ढिअ,
पविद्ध परिपिंडिअं च टोलगइं ।
अंकुस कच्छभरिंगिअ,
मच्छुव्वत्तं मणपउट्ठं ॥६४॥

વંદનના દોષો - અનાદૃત, સ્તબ્ધ (અક્કડ), પ્રવિદ્ધ (અર્ધું છોડીને ચાલી જાય), પરિપિંડિત (એક સાથે બધાને વંદન કરે), ટોલગતિ (તીડની જેમ ઊડાઊડ કરે), અંકુશ (રજોહરણ અંકુશની જેમ પકડે), કચ્છપરિંગિત (કાચબાની જેમ હલતો), મત્સ્યોદ્‌વૃત્ત (એકને વંદન કરીને ફરીને બીજાને કરે), મનઃપ્રદુષ્ટ (દ્વેષથી કરે)...

२४ वेइअबद्ध भयंतं,
भयगारवमित्तकारणा तिन्नं ।
पडिणीय रुट्ठ तज्जिय,
सढहीलिअ विपलिउंचियमं ॥६५॥

વેદિકાબદ્ધ (હાથ સરખી રીતે ન રાખે), ભજન્ત (ગુરુ સારી રીતે રાખે છે તેમ વિચારીને), ભય (ડરથી), ગૌરવ (અભિમાનથી), મૈત્રી (મિત્ર માનીને), કારણ (વસ્ત્રાદિ માટે), સ્તેન (છૂપાઈને), પ્રત્યનીક (અનુચિત અવસરે), રુષ્ટ (ગુસ્સે થઈને), તર્જિત (મશ્કરી કરીને), શઠ (કપટથી), હીલિત (હીલના કરીને), વિપરિકુંચિત (વચ્ચે વાતો કરતાં)...

૨૫ दिट्ठमदिट्ठं सिंगं, कर तम्मोअण अणिद्धणालिद्धं ।
ऊणं उत्तरचूलिअ, मूअं ढड्ढर चूडलियं च ॥६६॥

દૃષ્ટાદૃષ્ટ (દેખાય તો કરે, ન દેખાય તો ન કરે), શૃંગ (હાથ કપાળમાં બાજુ પર અડાડે), કર (ફરજિયાત માનીને), કરમોચન (છૂટવા માટે), આશ્લિષ્ટાનાશ્લિષ્ટ (હાથ રજોહરણ અને મસ્તકને અડાડ્યા વગર), ન્યૂન, ઉત્તરચૂલિકા, ઢઢ્ઢર (મોટા અવાજે), ચૂડલિક (રજોહરણ ઉંબાડિયાની જેમ ફેરવતો)...

૨૬ बत्तीसदोसपरिसुद्धं, किइकम्मं जो पउंजइ गुरूणं ।
सो पावइ निव्वाणं, अचिरेण विमाणवासं वा ॥६७॥

જે આ ૩૨ દોષ રહિત વંદન ગુરુને કરે, તે તરત મોક્ષ પામે અથવા વૈમાનિક દેવલોક પામે.

૨૭ इह छच्च गुणा विणओवयार माणाइभंग गुरुपूआ ।
तित्थयराण य आणा, सुअधम्माराहणाऽकिरिया ॥६८॥

વંદનથી ૬ લાભ છે : વિનય, અભિમાનનો નાશ, ગુરુની પૂજા, જિનાજ્ઞાપાલન, શ્રુતધર્મની આરાધના અને અક્રિયા (મોક્ષ).

૨૮ गुरुगुणजुत्तं तु गुरुं, ठाविज्जा अहव तत्थ अक्खाइ ।
अहवा नाणाइतिअं, ठविज्ज सक्खं गुरुअभावे ॥६९॥

સાક્ષાત્ ગુરુ ન હોય તો ગુરુના ગુણ યુક્ત ગુરુની (મૂર્તિની) સ્થાપના કરવી અથવા અક્ષાદિની કે જ્ઞાન-દર્શન-ચારિત્ર (ઉપકરણો)ની સ્થાપના કરવી.

३० गुरुविरहंमि ठवणा, गुरुवएसोवदंसणत्थं च ।
जिणविरहंमि जिणबिंब-सेवणामंतणं सहलं ॥७०॥

'ગુરુની આજ્ઞાથી જ કાર્ય કરવું' તે બતાવવા ગુરુના વિરહમાં ગુરુની સ્થાપના કરવાની છે. ભગવાનના વિરહમાં તેમની પ્રતિમાની પૂજા અને આમંત્રણ વગેરેની જેમ તે સફળ છે.

३१ चउदिसि गुरुग्गहो इह, अहुट्ठ तेरस करे सपरपक्खे ।
अणणुन्नायस्स सया, न कप्पए तत्थ पविसेउं ॥७१॥

ચારે દિશામાં ગુરુનો અવગ્રહ સ્વપક્ષમાં સાડા ત્રણ અને પરપક્ષમાં (સાધ્વી માટે) તેર હાથ છે. અનુજ્ઞા લીધા વિના તેમાં પ્રવેશ કરવો કદી કલ્પે નહીં.

## देवेन्द्रसूरिकृतं पच्चक्खाणभाष्यम्

१४ असणे मुग्गोयणसत्तु-मंड पय खज्ज रब्बकंदाइ ।
पाणे कंजिय जव कयर, कक्कडोदग सुराइजलं ॥७२॥

મગ (કઠોળ), ભાત (અનાજ), સક્તુ (લોટ), ખાખરા, દૂધ (દહીં), ખાજા (મીઠાઈ), રાબ, કંદ (શાક) વગેરે અશન છે. (ભૂખ શમાવે.) કાંજી, જવનું પાણી, કેરનું પાણી, ચીભડાનું પાણી, સુરા વગેરે પાન છે. (તરસ છીપાવે.)

१५ खाइमे भत्तोस फलाइ, साइमे सुंठि जीर अजमाइ ।
महु गुड तंबोलाइ, अणहारे मोअ-निंबाइ ॥७३॥

શેકેલા ધાન્ય (મમરા વિ.), ફળ વગેરે ખાદિમ છે. (સ્વાદ હોય અને કંઈક ભૂખ પણ શમાવે.) સૂંઠ, જીરૂ, અજમો વગેરે, મધ, ગોળ, મુખવાસ વગેરે સ્વાદિમ છે. (માત્ર સ્વાદ હોય). મૂત્ર, લીમડો વગેરે અણાહારી છે. (બેસ્વાદ હોય - ભૂખ પણ ન શમાવે.)

~~ પચ્ચક્ખાણમાં આગારો ~~

૨૪ विस्सरणमणाभोगो, सहसागारो सयं मुहपवेसो ।
पच्छन्नकाल मेहाई, दिसिविवज्जासु दिसिमोहो ॥७४॥

ભૂલી જવું તે અનાભોગ. અચાનક મોઢામાં આવી જાય તે સહસાકાર. વાદળ વગેરેના કારણે કાળ ખબર ન પડે તે પ્રચ્છન્નકાલ. દિશાનો ભ્રમ થાય તે દિશામોહ.

૨૫ साहुवयण उग्घाडा-पोरिसी तणुसुत्थया समाहि त्ति ।
संघाइकज्ज महत्तर, गिहत्थबंदाइ सागारी ॥७५॥

પાદોન પ્રહરે સાધુ પોરિસી ભણાવે તે સાધુવચન. શરીરની સ્વસ્થતા તે સમાધિ. સંઘ વગેરેના કાર્યો તે મહત્તર. ગૃહસ્થ, કેદી વગેરે સાગારિક.

૨૬ आउंटणमंगाणं, गुरुपाहूणसाहू गुरुअब्भुट्ठाणं ।
परिठावण विहिगहिए, जइण पावरणि कडिपट्टो ॥७६॥

અંગ હલાવવા તે આકુંચન. ગુરુ-પ્રાઘૂર્ણક સાધુ આવે ત્યારે ઊભા થવું તે ગુરુઅભ્યુત્થાન. વિધિપૂર્વક વહોરેલું વધે તે પારિષ્ઠાપનિકા, તે સાધુને જ હોય. વસ્ત્રના વિષયમાં ચોલપટ્ટો, તે પણ સાધુને જ હોય.

૨૭ खरडिय लूहिय डोवाइ, लेव संसट्ठ डुच्चमंडाइ ।
उक्खित्त पिंडविगइण, मक्खियं अंगुलीहिं मणा ॥७७॥

(વિગઈથી) ખરડાયેલા અને લૂછેલા ચમચા વગેરે લેપાલેપ, (વિગઈને) સ્પર્શેલા ખાખરા વગેરે સંસૃષ્ટ. ઉપરથી પિંડ (ઘન) વિગઈ કાઢીને આપે તે ઉત્ક્ષિપ્ત. (વિગઈવાળી) આંગળીથી સ્હેજ સ્નિગ્ધ કર્યું હોય તે મ્રક્ષિત.

૨૮ लेवाडं आयामाइ, इअर सोवीरमच्छमुसिणजलं ।
धोअण बहुल ससित्थं, उस्सेइम इअर सित्थविणा ॥७८॥

ઓસામણ વગેરે લેપકૃત. કાંજી તે અલેપકૃત. ઉકાળેલું ગરમ પાણી તે સ્વચ્છ. ચોખા વગેરેનું ધોવણ તે બહુલ. ઉત્સ્વેદિમ-દાણાવાળું તે સસિક્થ. દાણા વગરનું તે અસિક્થ.

૩૨ पयसाडी-खीर-पेया, ऽवलेहि दुद्धट्टी दुद्ध विगइगया ।
दक्ख-बहु-अप्पतंदुल-तच्चुन्नंबिल-सहिय-दुद्धे ॥७९॥

દ્રાક્ષવાળું દૂધ તે પયઃશાટી, ઘણાં ચોખાવાળું દૂધ તે ખીર. અલ્પ ચોખાવાળું દૂધ તે પેયા. ચોખાના લોટ સાથેનું દૂધ તે અવ-લેહી અને ખટાશ સાથેનું દૂધ તે દુગ્ધાટી એ દૂધના નીવિયાતા છે.

३३ निब्भंजण-वीसंदण,
पक्कोसहि-तरिय-किट्टी-पक्कघयं ।
दहिए करंब सिहरिणि,
सलवणदहि घोल घोलवडा ॥८०॥

નિર્ભંજન (બળેલું ઘી), વિસ્યંદન (બળેલ ઘીમાંથી બને), ઔષધ સાથે પકવેલ ઘીની તર, ઘીનો મેલ, ઔષધિ સાથે પકવેલ ઘી એ ઘીના નીવિયાતા છે. કરંબો, શ્રીખંડ, મીઠાવાળું દહીં, મથેલું દહીં અને દહીંવડા એ દહીંના નીવિયાતા છે.

३४ तिलकुट्टी-निब्भंजण,
पक्कतिल-पक्कुसहितरिय तिल्लमल्ली ।
सक्कर गुलवाणय पाय,
खंड अद्धकढि इक्खुरसो ॥८१॥

તલવટ (તલ અને ગોળ ખાંડીને બને), નિર્ભંજન (બળેલું તેલ), પકવેલું તેલ, ઔષધિ સાથે પકવેલ તેલની તર, તેલનો મેલ એ તેલના નીવિયાતા છે. સાકર, ગોળનું પાણી, ગોળનો પાયો, ખાંડ, અર્ધો ઉકાળેલો શેરડીનો રસ એ ગોળના નીવિયાતાં છે.

३५ पूरिय-तव-पूआ-बीय-पूअ तन्नेह-तुरियघाणाइ ।
गुलहाणी जललप्पसी य, पंचमो पूत्तिकयपूओ ॥८२॥

આખો તવો ભરાઈ જાય તેવો પુડલો તળ્યા પછીનો બીજો પુડલો, તે જ ઘી/તેલમાં તળેલા ત્રણ ઘાણ પછીના ચોથા વગેરે ઘાણ, ગોળધાણી (ચીકી), પાણીમાં રાંધેલ લાપસી, ઘી/તેલનું પોતું કરીને કરેલ પુડલો એ પક્વાન્નના પાંચ નીવિયાતા છે.

૩૬ दुद्ध दही चउरंगुल, दवगुडघयतिल्ल एग भत्तुवरि ।
पिंडगुल-मक्खणाणं, अद्दामलयं च संसट्ठं ॥८३॥

ભોજનની ઉપર દૂધ-દહીં ચાર અંગુલ અને પ્રવાહી ગોળ-ઘી-તેલ એક અંગુલ સુધી હોય તો સંસૃષ્ટ ગણાય. (તેથી ઉપરનું વિગઈ ગણાય.) ઘન ગોળ-માખણના પીલવૃક્ષના મહોર જેટલા ટુકડા હોય તે સંસૃષ્ટ ગણાય. (તેથી મોટા હોય તો વિગઈ ગણાય.)

૩૯ विगइगया संसट्ठा, उत्तमदव्वाइं निव्विगइयंमि ।
कारणजायं मुत्तुं, कप्पंति न भुत्तुं जं वुत्तं ॥८४॥

નીવિયાતા, સંસૃષ્ટ દ્રવ્ય અને ઉત્તમ દ્રવ્યો, નીવિમાં કારણ વિના વાપરવા કલ્પતા નથી. કારણ કે કહ્યું છે કે -

૪૦ विगइं विगइभीओ, विगइगयं जो अ भुंजए साहू ।
विगइ विगइसहावा, विगइ विगइं बला नेइ ॥८५॥

દુર્ગતિથી ડરતો જે સાધુ વિગઈ કે નીવિયાતા વાપરે છે, તેને વિકાર કરવાના સ્વભાવવાળી વિગઈ દુર્ગતિમાં ખેંચી જાય છે.

૪૪ फासिय पालिय सोहिय,
तीरिय कीट्टिय आराहिय छ सुद्धं ।
पच्चक्खाणं फासिय,
विहिणोचियकालि जं पत्तं ॥८६॥

સ્પર્શિત, પાલિત, શોભિત, તીરિત, કીર્તિત અને આરાધિત એ (પચ્ચક્ખાણની) છ શુદ્ધિ છે. વિધિપૂર્વક ઉચિત કાળે જે લેવાય તે પચ્ચક્ખાણ સ્પર્શિત કહેવાય.

૪૫ पालिय पुण पुण सरियं, सोहिय गुरुदत्तसेसभोयणओ ।
तीरिय समहियकाला, कीट्टिय भोयणसमयसरणा ॥८७॥

વારંવાર યાદ કરાય તે પાલિત, ગુરુને આપીને બાકીનું વાપરે તે શોભિત. થોડો વધુ કાળ જવા દે તે તીરિત. ભોજન સમયે યાદ કરે તે કીર્તિત.

૪૬ इअ पडिअरिअं आराहियं,
तु अहवा छ सुद्धि सद्दहणा ।
जाणण विणयऽणुभासण,
अणुपालण भावसुद्धि त्ति ॥८८॥

આ રીતે બધું કરે તે આરાધિત. અથવા આ છ શુદ્ધિ છે - શ્રદ્ધા, જ્ઞાન, વિનય, અનુભાષણ (ગુરુ પચ્ચક્ખાણ આપે ત્યારે પચ્ચક્ખામિ, વોસિરામિ વગેરે બોલવું), અનુપાલન અને ભાવશુદ્ધિ.

~~ देवेन्द्रसूरिकृतः कर्मविपाकनामा प्रथमः कर्मग्रन्थः ~~

३ इह नाणदंसणावरण-
वेय-मोहाउ-नामगोआणि ।
विग्घं च पण-नव-दु-
अट्ठवीस-चउ-तिसय-दु-पणविहं ॥८९॥

જ્ઞાનાવરણકર્મ ૫, દર્શનાવરણકર્મ ૯, વેદનીય ૨, મોહનીય ૨૮, આયુષ્ય ૪, નામ ૧૦૩, ગોત્ર ૨ અને અંતરાય ૫ પ્રકારનું છે.

९ चक्खुदिट्ठि अचक्खु, सेसिंदिय ओहिकेवलेहिं च ।
दंसणमिह सामन्नं, तस्सावरणं तयं चउहा ॥९०॥

આંખથી ચક્ષુદર્શન, બાકીની ઇન્દ્રિયોથી અચક્ષુદર્શન, અવધિ અને કેવલ એમ સામાન્ય બોધરૂપ દર્શન છે. તેનું આવરણ એ ૪ પ્રકારે દર્શનાવરણ છે.

११ सुहपडिबोहा निद्दा, निद्दानिद्दा य दुक्खपडिबोहा ।
पयला ठिओवविट्ठस्स, पयलपयला उ चंकमओ ॥९१॥

સહેલાઈથી ઊઠે તે નિદ્રા, ઊઠાડવો અઘરો હોય તે નિદ્રાનિદ્રા, બેઠાં-ઊભાં ઊંઘનારને પ્રચલા, ચાલતાં ઊંઘનારને પ્રચલાપ્રચલા હોય.

१२ दिणचिंतिअत्थकरणी, थीणद्धि अद्धचक्किअद्धबला ।
महुलित्तखग्गधारा-लिहणं व दुहा उ वेअणीयं ॥९२॥

દિવસે વિચારેલા કામ (રાત્રે) કરનારી થીણદ્ધિ (નિદ્રા) છે. તેમાં વાસુદેવથી અર્ધુ બળ હોય. મધ લેપેલ તલવારની ધારને ચાટવા જેવું બે પ્રકારનું વેદનીયકર્મ છે.

१४ दंसणमोहं तिविहं, सम्मं मीसं तहेव मिच्छत्तं ।
सुद्धं अद्धविसुद्धं, अविसुद्धं तं हवइ कमसो ॥९३॥

દર્શનમોહનીય ૩ પ્રકારનું છે : સમ્યક્ત્વ, મિશ્ર અને મિથ્યાત્વ. તે ક્રમશઃ શુદ્ધ, અર્ધશુદ્ધ અને અશુદ્ધ છે.

१७ सोलस कसाय नव नोकसाय, दुविहं चरित्तमोहणीयं ।
अण अपच्चक्खाणा, पच्चक्खाणा य संजलणा ॥९४॥

૧૬ કષાય અને ૯ નોકષાય એમ બે પ્રકારે ચારિત્ર મોહનીય છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય અને સંજ્વલન એ ૪ પ્રકારના ૪-૪ કષાય છે.

१८ जाजीववरिसचउमास-पक्खगा निरयतिरियनरअमरा ।
सम्माणुसव्वविरइ-अहक्खायचरित्तघायकरा ॥९५॥

(અનંતાનુબંધી વગેરે કષાય) અનુક્રમે યાવજ્જીવ, ૧ વર્ષ, ૪ મહિના અને ૧૫ દિવસ સુધી રહે છે. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિને આપનારા છે. સમ્યક્ત્વ, અણુવ્રત (દેશવિરતિ), સર્વવિરતિ અને યથાખ્યાત ચારિત્રનો નાશ કરનારા છે.

१९ जलरेणुपुढवीपव्वय-राइसरिसो चउव्विहो कोहो ।
तिणिसलयाकट्ठट्ठिअ-सेलत्थंभोवमो माणो ॥९६॥

પાણી-રેતી-ધરતી અને પર્વતમાંની રેખા જેવો (ક્રમશઃ અનંતાનુબંધી વગેરે) ચાર પ્રકારનો ક્રોધ છે. નેતરની સોટી, લાકડું, હાડકાં અને પથ્થરના થાંભલા જેવો ચાર પ્રકારનો માન છે.

૨૦ मायाऽवलेहि गोमुत्ति-मिंढसिंगघणवंसिमूलसमा ।
लोहो हलिद्द-खंजण-कद्दम-किमिरागसामाणो ॥९७॥

વાંસની છાલ, ગોમૂત્ર, ઘેટાંનું શિંગડું અને ઘનવાંસના મૂળ જેવી ચાર પ્રકારની માયા છે. હળદર, અંજન, કાદવ અને કૃમિના રંગ જેવો ચાર પ્રકારનો લોભ છે.

૨૧ जस्सुदया होइ जिए, हासरइअरइसोगभयकुच्छा ।
सनिमित्तमन्नहा वा, तं इह हासाइमोहणीयं ॥९८॥

જેના ઉદયથી જીવને નિમિત્તથી કે નિમિત્ત વગર હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય કે જુગુપ્સા થાય તે હાસ્ય વગેરે મોહનીય કર્મ છે.

૨૨ पुरिसित्थितदुभयं पइ, अहिलासो जव्वसा हवइ सो उ ।
थीनरनपुवेउदओ, फुंफुम-तण-नगरदाहसमो ॥९९॥

પુરુષ-સ્ત્રી અને ઉભયની ઈચ્છા જેના કારણે થાય તે સ્ત્રી-પુરુષ અને નપુંસક વેદનો ઉદય ક્રમશઃ બકરીની લીંડી, ઘાસ અને નગરના અગ્નિ જેવો છે.

૨૪ गइ जाइ तणु उवंगा, बंधण संघायणाणि संघयणा ।
संठाणवन्नगंधरस-फास अणुपुव्वि विहगगई ॥१००॥

ગતિ, જાતિ, શરીર, ઉપાંગ, બંધન, સંઘાતન, સંઘયણ, સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આનુપૂર્વી અને વિહાયોગતિ...

૨૫ पिंडपयडित्ति चउदस, परघा-उसास-आयवुज्जोअं ।
अगुरुलहु-तित्थ-निमिणो-वघायमिअ अट्ठ पत्तेया ॥१०१॥

એ ૧૪ નામકર્મની પિંડપ્રકૃતિ છે. પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, અગુરુલઘુ, તીર્થંકર, નિર્માણ અને ઉપઘાત એ ૮ પ્રત્યેકપ્રકૃતિ છે.

૨૬ तस-बायर-पज्जत्तं, पत्तेय थिरं सुभं च सुभगं च ।
सुस्सर-आइज्ज जसं, तसदसगं थावरदगसं तु इमं ॥१०२॥

ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય અને યશ એ ત્રસદશક છે. સ્થાવરદશક આ છે...

૨૭ थावर सुहुम अपज्जं, साहारणमथिरमसुभदुभगाणि ।
दुस्सरऽणाइज्जजस-मिअनामे सेअरा वीसं ॥१०३॥

સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય અને અપયશ. આ નામે કુલ (ત્રસ તથા સ્થાવર દશક મળીને) વીસ છે.

૩૮ संघयणमट्ठिनिचओ, तं छद्धा वज्जरिसहनारायं ।
तह रिसहनारायं, नारायं अद्धनारायं ॥१०४॥

સંઘયણ એટલે હાડકાંની ગોઠવણી. તે ૬ પ્રકારે છે. વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ...

३९ कीलिय छेवट्ठं इह, रिसहो पट्टो य कीलिआ वज्जं ।
उभओ मक्कडबंधो, नारायं इममुरालंगे ॥१०५॥

કીલિકા અને છેવટ્ઠું. ઋષભ એટલે પાટો, વજ્ર એટલે ખીલી, બંને બાજુ મર્કટબંધ એ નારાચ. આ (સંઘયણ) ઔદારિક શરીરમાં જ હોય.

४० समचउरंसं निग्गोह, साइखुज्जाइवामणं हुंडं ।
संठाणा वण्णा किण्ह-नीललोहिअहलिद्द सिआ ॥१०६॥

સમચતુરસ્ર, ન્યગ્રોધ, સાદિ, કુબ્જ, વામન અને હુંડક એ ૬ સંસ્થાન છે. કાળો, લીલો, રાતો, પીળો અને સફેદ વર્ણો છે.

४१ सुरहिदुरहि रसा पण, तित्तकडुकसाय अंबिला महुरा ।
फासा गुरुलहुमिउखर-सीउण्हसिणिद्धरुक्खट्ठा ॥१०७॥

સુરભિ અને દુરભિ એ બે ગંધ છે. તિક્ત (કડવો), કટુ (તીખો), તૂરો, ખાટો અને મીઠો એ પાંચ રસ છે. ગુરુ, લઘુ, મૃદુ, કર્કશ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ એ ૮ સ્પર્શ છે.

५२ गोअं दुहुच्चनीअं, कुलाल इव सुघडभूंभलाइअं ।
विग्घं दाणे लाभे, भोगुवभोगेसु वीरिए अ ॥१०८॥

કુંભાર જેમ સારો ઘડો કે ભૂંભળ બનાવે તેમ (જીવને ઉચ્ચ-નીચ કુળમાં જન્મ અપાવનાર) ગોત્રકર્મ ઉચ્ચ અને નીચ એમ બે પ્રકારે છે. દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યમાં વિઘ્ન કરનાર અંતરાયકર્મ પાંચ પ્રકારે છે.

# પ્રવચનસારોદ્ધાર

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

નેમિચંદ્રસૂરિ મહારાજા

| | |
|---|---|
| **ગ્રંથ** | : પ્રવચનસારોદ્ધાર સૂક્તરત્નમંજૂષા (સાર્થ) |
| **આધારગ્રંથ** | : પ્રવચનસારોદ્ધાર |
| **આધારગ્રંથકર્તા** | : નેમિચંદ્રસૂરિ મહારાજા |
| **અર્થસંકલન** | : પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા. |
| **અર્થસંશોધન** | : દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય... પ. પૂ. મુ. શ્રી ત્રિભુવનરત્નવિ. મ. સા. |
| **ભાષા** | : પ્રાકૃત, ગુજરાતી |
| **વિષય** | : સાધુના આચારો વગેરે |

## प्रवचनसारोद्धारप्रकरणं

१ नमिऊण जुगाइजिणं,
वोच्छं भव्वाण जाणणनिमित्तं ।
पवयणसारुद्धारं,
गुरुवएसा समासेणं ॥१॥

યુગાદિદેવ શ્રી ઋષભદેવ સ્વામીને નમસ્કાર કરીને ભવ્યોના જ્ઞાન માટે, ગુરુના ઉપદેશને અનુસરીને પ્રવચનસારોદ્ધારને ટૂંકમાં કહીશ.

~~ ચરણસિત્તરી ~~

૫૫૧ वय समणधम्म संजम, वेयावच्चं च बंभगुत्तीओ ।
नाणाइतियं तव, कोहनिग्गहा इइ चरणमेयं ॥२॥

પાંચ મહાવ્રત, દશ શ્રમણધર્મ, સત્તર સંયમ, દશ વૈયાવચ્ચ, નવ બ્રહ્મચર્યની ગુપ્તિ, જ્ઞાનાદિ રત્નત્રયી, બાર પ્રકારનો તપ અને ક્રોધાદિ ચાર કષાયનો નિગ્રહ - આ ચરણસિત્તરી છે.

૫૫૪ पंचासवा विरमणं, पंचिंदियनिग्गहो कसायजयो ।
दंडत्तयस्स विरई, सत्तरसहा संजमो होइ ॥३॥

(હિંસાદિ) પાંચ આશ્રવનો ત્યાગ, પાંચ ઇન્દ્રિયનો નિગ્રહ, ચાર કષાયનો જય અને ત્રણ દંડની વિરતિ - આ ૧૭ પ્રકારનું સંયમ છે.

૫૫૫ पुढवी दग अगणि मारुय,
वणस्सइ बि ति चउ पणिंदि अज्जीवे ।
पेहुप्पेह पमज्जण,
परिठवण मणो वई काए ॥४॥

પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય અને અજીવ એ ૧૦ની રક્ષા, પ્રેક્ષા, ઉપેક્ષા, પ્રમાર્જના, પરિષ્ઠાપના, મન, વચન અને કાયા આ બીજી રીતે ૧૭ પ્રકારનું સંયમ છે.

૫૫૬ आयरिय उवज्झाए, तवस्सि सेहे गिलाण साहूसुं ।
समणोन्न संघ कुल गण वेयावच्च हवइ दसहा ॥५॥

આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, નૂતન દીક્ષિત, ગ્લાન, સાધુ, સમનોજ્ઞ (સમાન સામાચારીવાળા), સંઘ, કુલ, ગણ આ દશ પ્રકારે વૈયાવચ્ચ છે.

~~ કરણસિત્તરી ~~

૫૬૨ पिंडविसोही समिई भावण पडिमा य इंदियनिरोहो ।
पडिलेहण गुत्तीओ, अभिग्गहा चेव करणं तु ॥६॥

(અશનાદિ ચાર) પિંડની વિશુદ્ધિ, પાંચ સમિતિ, ૧૨ ભાવના, ૧૨ પ્રતિમા, પાંચ ઈન્દ્રિયનો નિરોધ, ૨૫ પડિલેહણ, ત્રણ ગુપ્તિ, (દ્રવ્યાદિ) ચાર અભિગ્રહો આ કરણસિત્તરી છે.

~~ ૪૨ દોષો ~~

૫૬૪ आहाकम्मुद्देसिय, पूईकम्मे य मीसजाए य ।
ठवणा पाहुडियाए, पाओयर कीय पामिच्चे ॥७॥

આધાકર્મ, ઔદ્દેશિક, પૂતિકર્મ, મિશ્રજાત, સ્થાપના, પ્રાભૃતિકા, પ્રાદુષ્કરણ, ક્રીત, પ્રામિત્યક...

૫૬૫ परियट्टिए अभिहडुब्भिन्ने, मालोहडे य अच्छिज्जे ।
अणिसिट्ठेऽज्झोयरए, सोलस पिण्डुग्गमे दोसा ॥८॥

પરિવર્તિત, અભ્યાહૃત, ઉદ્‌ભિન્ન, માલાપહૃત, આચ્છેદ્ય, અનિસૃષ્ટ, અધ્યવપૂરક આ ૧૬ પિંડના ઉદ્‌ગમમાં (બનવામાં) લાગતા દોષો છે.

૫૬૬ धाई दूइ निमित्ते, आजीव वणीमगे तिगिच्छा य ।
कोहे माणे माया, लोभे य हवंति दस एए ॥९॥

ધાત્રી, દૂતી, નિમિત્ત, આજીવક, વનીપક, ચિકિત્સા, ક્રોધ, માન, માયા, લોભ, આ ૧૦.

૫૬૭ पुव्विं पच्छा संथव, विज्जा मंते य चुण्ण जोगे य ।
उप्पायणाए दोसा, सोलसमे मूलकम्मे य ॥१०॥

પૂર્વ અને પશ્ચાત્ સંસ્તવ, વિદ્યા, મંત્ર, ચૂર્ણ, યોગ અને સોળમું મૂળકર્મ, આ ઉત્પાદનમાં (વહોરવામાં) લાગતા દોષો છે.

५६८ संकिय मक्खिय निक्खित्त, पिहिय साहरिय दायगुम्मिस्से ।
अपरिणय लित्त छड्डिय, एसणदोसा दस हवंति ॥११॥

શંકિત, મ્રક્ષિત, નિક્ષિપ્ત, પિહિત, સંહૃત, દાયક, ઉન્મિશ્ર, અપરિણત, લિપ્ત, છર્દિત આ ૧૦ એષણાદોષો છે.

५७० कम्मुद्देसियचरिमतिय पूइय मीस चरिम पाहुडिया ।
अज्झोयर अविसोही, विसोहिकोडी भवे सेसा ॥१२॥

આધાકર્મ, ઔદ્દેશિકના છેલ્લા ૩ ભેદ, પૂતિ, મિશ્ર, છેલ્લી (બાદર) પ્રાભૃતિકા, અધ્યવપૂરક એ અવિશોધિકોટિ છે, બીજા બધા વિશોધિકોટિ છે.

~~ ગ્રાસૈષણા ~~

७३४ संजोयणा पमाणे इंगाले धूम कारणे चेव ।
उवगरणभत्तपाणे, सबाहिरऽब्भंतरा पढमा ॥१३॥

સંયોજના, પ્રમાણ(થી વધુ વાપરવું), અંગાર, ધૂમ અને કારણ (વિના વાપરવું) એ પાંચ માંડલીના દોષો છે. સંયોજના ઉપકરણની અને આહાર-પાણીની એમ બે પ્રકારે અને બાહ્ય અને આભ્યંતર (મોઢામાં) એમ બે પ્રકારે છે.

~~ છ કારણ ~~

७३७ वेयण वेयावच्चे, इरियट्ठाए य संजमट्ठाए ।
तह पाणवत्तियाए, छट्ठं पुण धम्मचिंताए ॥१४॥

ભૂખની વેદના શાંત કરવા, વૈયાવચ્ચ માટે, ઈર્યાસમિતિ પાળવા, પડિલેહણ વગેરે સંયમ પાળવા, પ્રાણ ટકાવવા અને ધર્મધ્યાન કરવા - એમ છ કારણે આહાર વાપરવો.

~~ છ અકારણ ~~

૭૩૮ आयंके उवसग्गे, तितिक्खया बंभचेरगुत्तीसु ।
पाणिदया तवहेऊ, सरीरवोच्छेयणट्ठाए ॥१५॥

રોગમાં, ઉપસર્ગ સહન કરવા માટે, બ્રહ્મચર્યની ગુપ્તિ માટે, (વરસાદ/ધુમ્મસ હોય ત્યારે) જીવદયા માટે, તપ માટે અને અનશન માટે આહાર ત્યાગવો.

~~ સાત પિંડ-પાન એષણા ~~

૭૩૯ संसट्ठमसंसट्ठा, उद्धड तह अप्पलेविया चेव ।
उग्गहिया पग्गहिया, उज्झियधम्मा य सत्तमिया ॥१६॥

સંસૃષ્ટ (ખરડાયેલ), અસંસૃષ્ટ (ચોખ્ખા) (હાથ-ચમચા વગેરે), ઉદ્ધૃત (પીરસવા/ખાવા માટે કાઢેલ), અલ્પલેપ (સૂકી), ઉદ્‌ગૃહીત (પીરસેલ), પ્રગૃહીત (હાથમાં લીધેલ), સાતમી ઉજ્ઝિતધર્મા (નકામી-વધારાની વસ્તુ) એમ સાત પ્રકારની પિંડૈષણા છે.

~~ સાત ભિક્ષાવીથિ ~~

૭૪૫ उज्जुं गंतुं पच्चागइया, गोमुत्तिया पयंगविही ।
पेडा य अद्धपेडा, अब्भिंतर बाहिसंबुक्का ॥१७॥

ઋજુ (સીધી લીટી), જઈને પાછું આવવું, ગોમૂત્રિકા (સામસામેના ઘરે વારાફરતી જવું), પતંગ (આડાઅવળા જવું), પેટા (પેટીના આકારે ક્રમશઃ ચાર દિશામાં જ જવું, વચ્ચે નહીં), અર્ધપેટા (બે દિશામાં જ જવું), અભ્યંતર શંબૂક (અંદરથી શરૂ કરી ગોળ ફરતા બહાર નીકળવું) અને બાહ્ય શંબૂક (બહારથી શરૂ કરી ગોળ ફરતાં અંદર જવું) તે ૭ ભિક્ષાવીથિ છે.

~~ શય્યાતર ~~

૮૦૨ अन्नत्थ वसेऊणं, आवस्सग चरिममन्नहिं तु करे ।
दोन्नि वि तरा भवंती, सत्थाइसु अन्नहा भयणा ॥१८॥

અન્યત્ર રાત્રે રહીને સવારનું પ્રતિક્રમણ અન્ય જગ્યાએ કરે, તો બંને શય્યાતર થાય. બે શય્યાતર પ્રાયઃ સાર્થાદિમાં સંભવે. અન્યપ્રકારે તે શય્યાતર થવામાં ભજના (નીચેની ગાથામાં કહ્યા પ્રમાણે) છે.

૮૦૩ जइ जग्गंति सुविहिया, करेंति आवस्सयं तु अन्नत्थ ।
सिज्जायरो न होई, सुत्ते व कए व सो होई ॥१९॥

જો સાધુઓ આખી રાત જાગે અને પ્રતિક્રમણ બીજે સ્થાને કરે, તો (જાગ્યા હોય તે વસતિનો માલિક) શય્યાતર ન થાય. જ્યાં સૂતા હોય કે જ્યાં પ્રતિક્રમણ કર્યું હોય તે (બંને) શય્યાતર થાય.

૮૦૬ तित्थंकरपडिकुट्ठो, अन्नायं उग्गमो वि य न सुज्झे ।
अविमुत्ति अलाघवया, दुल्लहसेज्जा उ वोच्छेओ ॥२०॥

શય્યાતરપિંડની ભગવાને ના પાડી છે. અજ્ઞાતકુળની ગોચરી ન રહેવાથી ઉદ્‌ગમદોષો લાગે, આસક્તિ થાય, શરીર હૃષ્ટપુષ્ટ થાય, વસતિ દુર્લભ બને અથવા તેનો વ્યવચ્છેદ થાય.

~~ ક્ષેત્રાતીત ~~

૮૧૧ जमणुग्गए रविंमि, अतावखेत्तंमि गहियमसणाइ ।
कप्पइ न तमुवभोत्तुं, खेत्ताईयंति समउत्ती ॥२१॥

સૂર્ય ઊગ્યા પહેલાં કે રાતના જે અશનાદિ વહોર્યા હોય તે શાસ્ત્રમાં ક્ષેત્રાતીત કહ્યા હોવાથી સાધુને વાપરવા કલ્પતા નથી.

~~ માર્ગાતીત ~~

૮૧૨ असणाइं कप्पइ, कोसदुगब्भंतराउ आणेउं ।
परओ आणिज्जंतं, मग्गाईयंति तमकप्पं ॥२२॥

બે કોશ(ગાઉ)થી અશનાદિ લાવવા કલ્પે. તેનાથી દૂરથી લવાયેલ માર્ગાતીત હોવાથી અકલ્પ્ય છે.

~~ કાલાતીત ~~

૮૧૩ पढमप्पहराणीयं, असणाई जईण कप्पए भोत्तुं ।
जा तिजामे उड्ढं, तमकप्पं कालइक्कंतं ॥२३॥

પહેલા પ્રહરમાં લાવેલા અશનાદિ સાધુને ત્રીજા પ્રહર સુધી વાપરવું કલ્પે. તે પછી કાલાતિક્રાંત થવાથી અકલ્પ્ય છે.

~~ ભોજન ~~

૮૬૭ अद्धमसणस्स सवंजणस्स, कुज्जा दवस्स दो भाए ।
वायपवियारणट्ठा, छब्भागं ऊणयं कुज्जा ॥२४॥

હોજરીના ૬ ભાગ કરીને અડધા (૩ ભાગ) વ્યંજન સાથેના આહારના, બે ભાગ પાણીના કરવા. વાયુના હલનચલન માટે છટ્ઠો ભાગ ખાલી રાખવો.

૮૬૯ सीए दवस्स एगो, भत्ते चत्तारि अहव दो पाणे ।
उसिणे दवस्स दुन्नी, तिन्नी व सेसा उ भत्तस्स ॥२५॥

ઠંડીમાં પાણીના એક અથવા બે ભાગ, ભોજનના ૪ ભાગ અને ગરમીમાં પાણીના બે કે ત્રણ ભાગ, બાકીના ભોજનના ભાગ કરવા. (કુલ ૬ ભાગ કરવા.)

~~ વસ્ત્ર ~~

૮૪૯ जन्न तयट्ठा कीयं, नेव वुयं नेव गहियमन्नेसिं ।
आहड पामिच्चं चिय, कप्पए साहुणो वत्थं ॥२६॥

જે સાધુ માટે ખરીદેલું, વણેલું કે બીજા પાસેથી આંચકેલું, સામેથી લાવેલું, ઉધાર લાવેલું ન હોય તેવું વસ્ત્ર સાધુને કલ્પે.

૮૫૨ चत्तारि देवया भागा, दुवे भागा य माणुसा ।
आसुरा य दुवे भागा, एगो पुण जाण रक्खसो ॥२७॥

વસ્ત્રમાં (ખૂણાના) ચાર ભાગ દેવતાના, (દશીવાળા) બે ભાગ મનુષ્યના, (પટ્ટીના) બે ભાગ આસુર અને (વચ્ચેનો) એક ભાગ રાક્ષસનો છે.

૮૫૩ देवेसु उत्तमो लाभो, माणुसेसु य मज्झिमो ।
आसुरेसु य गेलन्नं, मरणे जाण रक्खसे ॥२८॥

ડાઘ વગેરે દેવના ભાગમાં હોય તો ઉત્તમ લાભ, મનુષ્યના ભાગમાં હોય તો મધ્યમ લાભ, આસુર ભાગમાં હોય તો માંદગી અને રાક્ષસ ભાગમાં હોય તો મરણ થાય.

~~ વસતિ ~~

૮૭૮ नयराइएसु घेप्पइ, वसही पुव्वामुहं ठविय वसहं ।
वामकडीए निविट्ठं, दीहीकअग्गिमेकपयं ॥२९॥

નગરાદિમાં આગળનો એક પગ લાંબો કરીને ડાબા પડખે પૂર્વમાં મોઢું રાખીને બેઠેલા બળદની સ્થાપના કરીને વસતિ ગ્રહણ કરે.

૮૭૯ सिंगक्खोडे कलहो, ठाणं पुण नेव होइ चलणेसु ।
अहिठाणे पोट्टरोगो, पुच्छंमि य फेडणं जाण ॥३०॥

વસતિ શીંગડાના સ્થાનમાં લેવાથી ઝઘડો થાય. પગના સ્થાનમાં લેવાથી સ્થિરતા ન થાય. અધિષ્ઠાનના સ્થાનમાં લેવાથી પેટના રોગ થાય. પૂંછડીના સ્થાનમાં લેવાથી વસતિમાંથી નીકળવું પડે.

८८० मुहमूलंमि य चारी, सिरे य कउहे य पूयसक्कारो ।
खंधे पट्टीय भरो, पुट्टंमि य धायओ वसहो ॥३१॥

મોઢાના સ્થાનમાં લેવાથી ગોચરી ભરપૂર મળે. માથા અને ખૂંધના ભાગમાં લેવાથી પૂજા-સત્કાર થાય. સ્કંધના કે પીઠના ભાગમાં લેવાથી વસતિ સાધુઓથી ભરપૂર થાય. પેટના ભાગમાં લેવાથી તૃપ્તિ થાય.

~~ ૧૦ સ્થાનનો વ્યવચ્છેદ ~~

६९३ मण परमोहि पुलाए, आहारग खवग उवसमे कप्पे ।
संयमतिय केवल, सिज्झणा य जंबुंमि वोच्छिन्ना ॥३२॥

જંબૂસ્વામીના નિર્વાણ પછી મનઃપર્યવજ્ઞાન, પરમાવધિજ્ઞાન, પુલાક ચારિત્ર, આહારક લબ્ધિ, ક્ષપકશ્રેણિ, ઉપશમશ્રેણિ, જિનકલ્પ, છેલ્લા ત્રણ સંયમ, કેવલજ્ઞાન અને મોક્ષગમનનો વ્યવચ્છેદ થયો.

~~ ભાષા ~~

१३२१ हीलिय खिंसिय फरुसा,
अलिआ तह गारहत्थिया भासा ।
छट्ठी पुण उवसंताहिगरण-
उल्लाससंजणणी ॥३३॥

હીલિત, ખિંસિત, કઠોર, અસત્ય, ગૃહસ્થની ભાષા અને શાંત થયેલ કષાયને ફરી ભડકાવનારી; આ ૬ ભાષા ત્યાજ્ય છે.

~~ પાંચ મહાવ્રતની ભાવના ~~

૬૩૬ इरियासमिए सया जए,
उवेह भुंजेज्ज व पाणभोयणं ।
आयाणनिक्खेवदुगुंछ संजए,
समाहिए संजयए मणो वई ॥३४॥

૧. સદા ઈર્યાસમિતિનું પાલન, ૨. જોઈને જ આહાર-પાણી વાપરવા, ૩. લેવા-મૂકવામાં પૂંજવારૂપ સંયમ, ૪. સમાધિયુક્ત મન અને ૫. સંયમિત વાણી. એ પહેલા મહાવ્રતની પાંચ ભાવના છે.

૬૩૭ अहस्स सच्च अणुवीय भासए,
जे कोह लोह भयमेव वज्जए ।
से दीहरायं समुपेहिया सया,
मुणी हु मोसं परिवज्जए सिया ॥३५॥

૧. મશ્કરી ન કરવી. ૨. વિચારીને સત્ય બોલવું. ૩. ક્રોધ, ૪. લોભ, ૫. ભયનો ત્યાગ કરે. આમ, મોક્ષને ઈચ્છનાર મુનિ સદા મૃષાનો ત્યાગ કરે.

૬૩૮ सयमेव उ उग्गहजायणे घडे,
मइमं निसम्मा सइ भिक्खु उग्गहं ।
अणुन्नविय भुंजीय पाणभोयणं,
जाइत्ता साहम्मियाण उग्गहं ॥३६॥

૧. પોતે અવગ્રહ યાચવો, ૨. અનુજ્ઞાવચનને સાંભળીને પછી તે અવગ્રહમાં કાર્ય કરે, ૩. વારંવાર અવગ્રહ યાચવો, ૪. ગુરુની રજા લઈને આહાર-પાણી વાપરવા. ૫. સાધર્મિક સાધુનો અવગ્રહ યાચવો. એ ત્રીજા મહાવ્રતની પાંચ ભાવના છે.

६३९ आहारगुत्ते अविभूसियप्पा,
इत्थी न निज्झाय न संथवेज्जा ।
बुद्धे मुणी खुड्डकहं न कुज्जा,
धम्माणुपेही संथए बंभचेरं ॥३७॥

૧. અતિસ્નિગ્ધ-અતિપ્રમાણ આહાર ન વાપરો. ૨. વિભૂષા ન કરવી. ૩. સ્ત્રીને જોવી નહીં. ૪. સ્ત્રી સાથે વાતચીત - પરિચય ન કરવો. ૫. સ્ત્રીની કથા ન કરવી. આ રીતે જ્ઞાની, ધર્મેચ્છુ મુનિ બ્રહ્મચર્ય અખંડ પાળે.

६४० जे सद्द रूव रस गंधमागए,
फासे य संपप्प मणुण्ण पावए ।
गेहिं पओसं न करेज्ज पंडिए,
से होइ दंते विरए अकिंचणे ॥३८॥

સારા કે ખરાબ શબ્દ, રૂપ, રસ, ગંધ કે સ્પર્શને પ્રાપ્ત કરીને જે જ્ઞાની રાગ કે દ્વેષ ન કરે તે દાંત, વિરત અને અપરિગ્રહી છે.

~~ ઉપધિ ~~

૪૯૧ पत्तं पत्ताबंधो, पायट्ठवणं च पायकेसरिया ।
पडलाइं रयत्ताणं च, गुच्छओ पायनिज्जोगो ॥३९॥

પાત્ર, પાત્રાબંધન, પાત્રસ્થાપન (પાત્રાસન), પાત્રકેસરિકા (ચરવળી), પલ્લા, રજસ્ત્રાણ અને ગુચ્છા - એ પાત્રનિર્યોગ છે.

૪૯૨ तिन्नेव य पच्छागा, रयहरणं चेव होइ मुहपोत्ती ।
एसो दुवालसविहो, उवही जिणकप्पियाणं तु ॥४०॥

(પાત્રનિર્યોગના સાત), ત્રણ કપડા, રજોહરણ અને મુહપત્તિ, આ બાર પ્રકારનો ઉપધિ જિનકલ્પીને હોય છે.

૪૯૯ एए चेव दुवालस, मत्तग अइरेग चोलपट्टो उ ।
एसो चउदसरूवो, उवही पुण थेरकप्पंमि ॥४१॥

આ બાર ઉપરાંત માત્રક અને ચોલપટ્ટો અધિક એમ ચૌદ પ્રકારની ઉપધિ સ્થવિરકલ્પમાં છે.

૫૧૪ आयाणे निक्खिवणे, ठाणे निसियण तुयट्ट संकोए ।
पुव्विं पमज्जणट्ठा, लिंगट्ठा चेव रयहरणं ॥४२॥

લેવા, મૂકવા, ઊભા રહેવા, બેસવા, પડખું ફેરવવા, સંકોચાવામાં પહેલા પૂંજવા માટે અને સાધુના લિંગ (ચિહ્ન) રૂપે રજોહરણ છે.

૫૧૫ संपाइमरयरेणूपमज्जणट्ठा, वयंति मुहपोत्तीं ।
नासं मुहं च बंधइ, तीए वसहिं पमज्जंतो ॥४३॥

સંપાતિમ (આવી પડતા) જીવો અને રજના રક્ષણ માટે મુહપત્તિ છે. વસતિની પ્રમાર્જના કરતાં તેનાથી મોઢું અને નાક બંધાય છે.

૫૧૬ छक्कायरक्खणट्ठा, पायग्गहणं जिणेहिं पन्नत्तं ।
जे य गुणा संभोगे, हवंति ते पायगहणेऽवि ॥४४॥

ષટ્કાયના રક્ષણ માટે જિનેશ્વરોએ પાત્રાનું ગ્રહણ કહ્યું છે. માંડલીમાં વાપરવામાં જે ગુણો છે, તે જ પાત્રાના ગ્રહણમાં પણ છે.

૫૧૭ तणगहणानलसेवानिवारणा, धम्मसुक्कझाणट्ठा ।
दिट्ठं कप्पग्गहणं, गिलाणमरणट्ठया चेव ॥४५॥

ઘાસનું ગ્રહણ અને અગ્નિનું સેવન નિવારવા, ધર્મ-શુક્લધ્યાન માટે, ગ્લાન માટે અને મૃત સાધુને ઓઢાડવા માટે કપડાનું ગ્રહણ કહ્યું છે.

~~ સ્થિત-અસ્થિતકલ્પ ~~

૬૫૦ सिज्जायरपिंडंमि य, चाउज्जामे य पुरिमजेट्ठे य ।
किइकम्मस्स य करणे, ठियकप्पो मज्झिमाणं तु ॥४६॥

શય્યાતરપિંડનો ત્યાગ, ચતુર્યામ (૪ મહાવ્રત), પુરુષજ્યેષ્ઠ (દીક્ષાથી દીક્ષાપર્યાયમાં મોટો ગણાય) અને વંદન કરવું. આ મધ્યમ (૨૨ તીર્થંકરના) સાધુઓને સ્થિત (નિશ્ચિત) કલ્પ છે.

૬૫૧ आचेलक्कुद्देसिय, पडिक्कमणे रायपिंड मासेसु ।
पज्जुसणाकप्पंमि य, अट्ठियकप्पो मुणेयव्वो ॥४७॥

આચેલક્ય, ઔદ્દેશિક (આધાકર્મી આહારાદિ)નો ત્યાગ, પ્રતિક્રમણ, રાજપિંડનો ત્યાગ, માસકલ્પ અને પર્યુષણાકલ્પ તેમને અસ્થિત (અનિશ્ચિત) છે. (પહેલાં-છેલ્લાં તીર્થંકરના સાધુઓને નિશ્ચિત છે.)

~ અવગ્રહ ~

૬૮૧ देविंद राय गिहवइ, सागरि साहंमि उग्गहे पंच ।
अणुजाणाविय साहूण, कप्पए सव्वया वसिउं ॥४८॥

ઈન્દ્ર, રાજા (ચક્રવર્તી વગેરે), ગૃહપતિ (ક્ષેત્રનો માલિક રાજા), શય્યાતર ગૃહસ્થ અને સાધર્મિક એમ પાંચનો અવગ્રહ લઈને જ સાધુને રહેવું કલ્પે છે.

~ સાત માંડલી ~

૬૯૨ सुत्ते अत्थे भोयण काले, आवस्सए य सज्झाए ।
संथारे चेव तहा, सत्तेया मंडली जइणो ॥४९॥

સૂત્ર, અર્થ, ભોજન, કાલગ્રહણ, આવશ્યક (પ્રતિક્રમણ), સ્વાધ્યાય અને સંથારો એમ સાધુને ૭ માંડલી છે.

~ સ્થંડિલભૂમિ ~

૭૦૯ अणावायमसंलोए, परस्साणुवघायए ।
समे अज्झुसिरे या वि, अचिरकालकयंमि य ॥५०॥

અનાપાત (કોઈ આવતું ન હોય), અસંલોક (કોઈ જોતું ન હોય), બીજાને પીડા ન કરનાર, સમાન (સપાટ), પોલાણ વગરની, થોડા સમય પૂર્વે જ અચિત્ત થયેલ...

૭૧૦ विच्छिन्ने दूरमोगाढे-ऽनासन्ने बिलवज्जिए ।
तसपाणबीयरहिए, उच्चाराईणि वोसिरे ॥५१॥

મોટી, ઊંડે સુધી અચિત્ત, રહેવાની વસતિથી(ગામથી) દૂર, (કીડી વગેરે જીવોના) દર વગરની, ત્રસ જીવો-બી વગેરેથી રહિત ભૂમિમાં વડીનીતિ વગેરે વિસર્જવા.

૭૮૬ दिसिपवणगामसूरियछायाए, पमज्जिऊण तिक्खुत्तो ।
जस्सोग्गहो त्ति काऊण, वोसिरे आयमेज्जा वा ॥५२॥

દિશા, પવન, ગામ, સૂર્યને પૂંઠ કર્યા વગર, છાયામાં, ત્રણ વાર પ્રમાર્જીને 'અણુજાણહ જસ્સુગ્ગહો' બોલીને મળ વિસર્જે અને આચમન કરે.

૭૮૭ उत्तरपुव्वा पुज्जा, जम्माए निसायरा अहिपडंति ।
घाणारिसा य पवणे, सूरियगामे अवन्नो उ ॥५३॥

ઉત્તર અને પૂર્વ દિશા પૂજ્ય છે. દક્ષિણ દિશામાં રાત્રે નિશાચર વ્યંતરો આવે છે. પવનની દિશામાં પૂંઠ કરવાથી નાકમાં મસા થાય. સૂર્ય કે ગામને પીઠ કરવાથી અવર્ણવાદ થાય.

૭૮૮ संसत्तग्गहणी पुण, छायाए निग्गयाए वोसिरइ ।
छायाऽसइ उण्हंमि वि, वोसिरिय मुहुत्तयं चिट्ठे ॥५४॥

જેને કૃમિ પડતા હોય તે છાંયડામાં વિસર્જે. છાંયો ન હોય તો તડકામાં વિસર્જીને (છાંયો કરીને) એક મુહૂર્ત ઊભો રહે.

૭૮૧ उवगरणं वामगजाणुगंमि, मत्तो य दाहिणे हत्थे ।
तत्थऽन्नत्थ व पुंछे, तिआयमणं अदूरंमि ॥५५॥

ડાબા સાથળ પર ઉપકરણ (દંડાદિ), જમણા હાથમાં માત્રક રાખે. ત્યાં જ કે બીજે શુદ્ધિ કરે. બહુ દૂર ગયા વગર ત્રણ આચમન કરે.

~~ निर्ग्रंथ ~~

૭૧૧ पंच नियंठा भणिया,
पुलाय बउसा कुसील निग्गंथा ।
होइ सिणाओ य तहा,
एक्केक्को सो भवे दुविहो ॥५६॥

પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક એમ પાંચ પ્રકારના નિર્ગ્રંથો કહ્યા છે, તે દરેકના બે-બે પ્રકાર છે.

~~ ૧૦ પ્રાયશ્ચિત્ત ~~

૭૫૦ आलोयण पडिक्कमणे, मीस विवेगे तहा विउस्सग्गे ।
तव छेय मूल, अणवट्ठिया य पारंचिए चेव ॥५७॥

આલોચના, પ્રતિક્રમણ, ઉભય, વિવેક (ત્યાગ), કાયોત્સર્ગ, તપ, છેદ, મૂળ, અનવસ્થાપ્ય અને પારાંચિત એ ૧૦ પ્રકારના પ્રાયશ્ચિત્ત છે.

## ~~ ૧૦ સામાચારી ~~

૭૬૦ इच्छा मिच्छा तहक्कारो, आवस्सिया निसीहिया ।
आपुच्छणा य पडिपुच्छा, छंदणा य निमंतणा ॥५८॥

ઇચ્છાકાર, મિથ્યાકાર, તથાકાર, આવસ્સહી, નિસીહિ, આપૃચ્છના, પ્રતિપૃચ્છા, છંદના, નિમંત્રણા..

૭૬૧ उवसंपया य काले, सामायारी भवे दसविहा उ ।
एएसिं तु पयाणं, पत्तेय परूवणं वोच्छं ॥५९॥

અને અવસરે ઉપસંપદા એ ૧૦ પ્રકારની સામાચારી છે. આ બધા પદોની પ્રત્યેકની વ્યાખ્યા કહું છું.

૭૬૨ जइ अब्भत्थिज्ज परं, कारणजाए करेज्ज से कोई ।
तत्थ य इच्छाकारो, न कप्पइ बलाभिओगो उ ॥६०॥

કોઈ કારણે બીજાને કોઈ (કામ કરવાની) પ્રાર્થના કરે કે બીજાનું કામ કરે, ત્યારે ઇચ્છાકાર કરવો. બલાભિયોગ કલ્પતો નથી.

૭૬૩ संजमजोए अब्भुट्ठियस्स, जं किंपि वितहमायरियं ।
मिच्छा एयं ति वियाणिऊण, मिच्छ त्ति कायव्वं ॥६१॥

સંયમયોગમાં અભ્યુદ્યત થયેલાએ, પોતે જે કાંઈ વિપરીત કર્યું હોય 'તે ખોટું છે' એમ જાણીને મિથ્યાકાર કરવો (મિચ્છા મિ દુક્કડમ્ આપવું).

૭૬૪ कप्पाकप्पे परिनिट्ठियस्स, ठाणेसु पंचसु ठियस्स ।
संयमतवड्ढगस्स उ, अविकप्पेणं तहक्कारो ॥६२॥

કલ્પ્ય અને અકલ્પ્યના જાણકાર, (ગીતાર્થ વગેરે અથવા પાંચ મહાવ્રતરૂપ) પાંચ ગુણ યુક્ત, સંયમ અને તપ યુક્ત ગુરુના વચનને વિના વિકલ્પે તહત્તિ કરવું (એ તથાકાર છે).

૭૬૫ आवस्सिया विहेया, अवस्सगंतव्वकारणे मुणिणा ।
तम्मि निसीहिया जत्थ, सेज्जठाणाइ आयरइ ॥६३॥

સાધુએ અવશ્ય જવું પડે તેવું કારણ આવે ત્યારે બહાર નીકળતાં આવસ્સહી કરવી. જ્યાં સૂવા-બેસવાનું હોય ત્યાં આવે ત્યારે નિસીહિ કરવી.

૭૬૬ आपुच्छणा उ कज्जे, पुव्वनिसिद्धेण होइ पडिपुच्छा ।
पुव्वगहिएण छंदण, निमंतणा होअगहिएणं ॥६४॥

કામ હોય તો ગુરુને પૂછવું તે આપૃચ્છના. ગુરુએ પહેલાં ના પાડી હોય તેના માટે ફરીવાર પૂછવું તે પ્રતિપૃચ્છા. વહોરીને લાવેલા આહારથી સાધુઓને વિનંતી કરવી તે છંદના. વહોરવા જતાં પહેલાં કરાય તે નિમંત્રણા.

૭૬૭ उवसंपया य तिविहा, नाणे तह दंसणे चरित्ते य ।
एसा हु दसपयारा सामायारी तहऽन्ना य ॥६५॥

ઉપસંપદા ત્રણ પ્રકારની છે : જ્ઞાન, દર્શન અને ચારિત્ર માટે. આ દશ પ્રકારની સામાચારી છે. બીજી ૧૦ પ્રકારની આ રીતે...

૭૬૮ पडिलेहणा पमज्जण,
भिक्खिरियाऽऽलोय भुंजणा चेव ।
पत्तमधुवणवियारा,
थंडिलआवस्सयाईया ॥६६॥

પડિલેહણ, પ્રમાર્જના, ભિક્ષાચર્યા, ઈરિયાવહી, આલોચના, ભોજન, પાત્રા ધોવા, વડીનીતિગમન, સ્થંડિલ (સાંજે ૨૭ ભૂમિ જોવી તે) અને આવશ્યકાદિ (પ્રતિક્રમણ).

~~ વિહાર ~~

૭૭૨ अप्पडिबद्धो अ सया, गुरूवएसेण सव्वभावेसुं ।
मासाइविहारेणं, विहरेज्ज जहोचियं नियमा ॥६७॥

સર્વ ભાવો પર પ્રતિબંધ (રાગ) વિના, ગુરુના ઉપદેશથી ઉચિત રીતે માસાદિ કલ્પથી વિચરવું.

૭૭૪ कालाइदोसओ जइ, न दव्वओ एस कीरए नियमा ।
भावेण तहवि कीरइ, संधारगवच्चयाईहिं ॥६८॥

કાળ વગેરે કારણે દ્રવ્યથી વિહાર ન થાય તો પણ સંથારો બદલવા વગેરે રૂપે ભાવથી અવશ્ય કરવો.

~~ જાત-સમાપ્તકલ્પ ~~

૭૮૧ गीयत्थो जायकप्पो, अगीयओ खलु भवे अजाओ य ।
पणगं समत्तकप्पो, तदूणगो होइ असमत्तो ॥६९॥

ગીતાર્થ એ જાતકલ્પ છે. અગીતાર્થ તે અજાતકલ્પ છે. પાંચ સાધુ હોય તે સમાપ્તકલ્પ છે. તેનાથી ઓછા હોય તે અસમાપ્તકલ્પ છે.

૭૮૨ उउबद्धे वासासुं, सत्त समत्तो तदूणगो इयरो ।
असमत्ताजायाणं, ओहेण न किंचि आहव्वं ॥७०॥

એ શેષ કાળમાં જાણવું. વર્ષાકાળમાં સાત સાધુ હોય તે સમાપ્તકલ્પ છે અને તેનાથી ઓછા હોય તે અસમાપ્તકલ્પ છે. અસમાપ્ત-અજાતને સામાન્યથી કશું આભાવ્ય થતું નથી. (વસ્ત્ર-પાત્રાદિ કે શિષ્ય પર તેમની માલિકી ન થાય.)

~~ રાત્રિજાગરણ ~~

૮૬૧ सव्वे वि पढमजामे, दोन्नि वि वसहाण आइमा जामा ।
तइओ होइ गुरूणं, चउत्थ सव्वे गुरु सुयइ ॥७१॥

રાત્રિને પહેલા પ્રહરમાં બધા સાધુ જાગે. વૃષભ સાધુઓ પહેલા બે પ્રહર જાગે. ત્રીજા પ્રહરમાં આચાર્ય જાગે. ચોથા પ્રહરમાં બધા સાધુ જાગે, ગુરુ સૂઈ જાય.

~~ કાપ ~~

८६४ अप्पत्ते च्चिय वासे, सव्वं उवहिं धुवंति जयणाए ।
असईए उदगस्स, जहन्नओ पायनिज्जोगो ॥७२॥

વર્ષાકાળ આવતા પહેલાં બધી જ ઉપધિ જયણાપૂર્વક ધુવે. પાણી ન હોય તો જઘન્યથી પાત્રનિર્યોગ ધુવે.

८६५ आयरियगिलाणाणं, मइला मइला पुणो वि धोइज्जा ।
मा हु गुरूण अवण्णो, लोगंमि अजीरणं इअरे ॥७३॥

આચાર્ય અને ગ્લાનના મેલા વસ્ત્રો વારંવાર ધુવે, જેથી લોકમાં ગુરુની નિંદા ન થાય અને ગ્લાનને અજીર્ણ ન થાય.

~~ અચિત્ત ~~

१००१ जोयणसयं तु गंता, अणहारेणं तु भंडसंकंती ।
वायागणिधूमेहि य, विद्धत्थं होइ लोणाई ॥७४॥

૧૦૦ યોજન જવા પર (પોતાને યોગ્ય) આહાર ન મળવાથી, એકમાંથી બીજા વાહન/વાસણમાં નાખવાથી, પવન, અગ્નિ અને ધૂમાડાથી મીઠું વગેરે અચિત્ત થાય છે.

१००३ आरुहणे ओरुहणे, निसियण गोणाईणं य गाउम्हा ।
भोम्माहारच्छेओ, उवक्कमेणं तु परिणामो ॥७५॥

(૧૦૦ યોજન જવામાં) ચડાવવું, ઊતારવું, તેના પર બેસવું, બળદ વગેરેના શરીરની ગરમી, પૃથ્વીમાંથી મળતા આહારનો વ્યવચ્છેદ.. આ બધા ઉપક્રમોથી જીવ ચ્યવી જાય છે.

~~ સાધુની ગતિ ~~

१११७ छउमत्थसंजयाणं, उववाउक्कोसओ अ सव्वट्ठे ।
उववाओ सावयाणं, उक्कोसेणऽच्चुओ जाव ॥७६॥

છદ્મસ્થ સાધુનો ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધમાં અને શ્રાવકનો ઉત્કૃષ્ટથી અચ્યુત (૧૨મા) દેવલોકે જન્મ થાય.

१११९ अविराहियसामन्नस्स, साहुणो सावयस्स वि जहन्नो ।
सोहम्मे उववाओ, वयभंगे वणयराईसुं ॥७७॥

અખંડ સાધુપણું પાળનાર સાધુ કે શ્રાવકનો જઘન્યથી પણ સૌધર્મ (૧લા) દેવલોકમાં જન્મ થાય. વ્રતભંગ કર્યો હોય તો વ્યંતર વગેરેમાં થાય.

४३७ आसायणा उ भवभमणकारणं,
इय विभाविउं जइणो ।
मलमलिण त्ति न जिणमंदिरंमि,
निवसंति इय समओ ॥७८॥

આશાતના એ સંસારપરિભ્રમણનું કારણ છે એમ વિચારીને સાધુઓ 'અમે (સ્નાન ન કરતાં હોવાથી) મલથી મલિન છીએ' એમ વિચારીને જિનમંદિરમાં (લાંબો સમય) રહેતા નથી, એ મર્યાદા છે.

४३८ दुब्भिगंधमलस्सावि, तणुरप्पेस ण्हाणिया ।
दुहा वायवहो वावि, तेणं ठंति न चेइए ॥७९॥

સ્નાન કરાવેલું શરીર પણ દુર્ગંધ અને મળ (પસીનો વગેરે)ને ઝરનારું છે. વળી, બે રીતે (ઉપર અને નીચેથી) વાયુ નીકળે છે. તેથી સાધુઓ દેરાસરમાં રહેતા નથી.

~~ વીશ સ્થાનક ~~

३१० अरिहंत सिद्ध पवयण, गुरु थेर बहुस्सुए तवस्सी य ।
वच्छल्लया य एसिं, अभिक्खनाणोवजोगो य ॥८०॥

અરિહંત, સિદ્ધ, પ્રવચન, આચાર્ય, સ્થવિર, બહુશ્રુત અને તપસ્વી - આ બધાની ભક્તિ, સતત જ્ઞાનનો ઉપયોગ...

३११ दंसण विणए आवस्सए य, सीलव्वए निरइयारो ।
खणलव तव च्चियाए वेयावच्चे समाही य ॥८१॥

સમ્યગ્દર્શન, વિનય, આવશ્યક, શીલ અને વ્રતમાં નિરતિચારપણું, ક્ષણલવ (સતત સમાધિ), તપ, ત્યાગ, વૈયાવચ્ચમાં સમાધિ...

३१२ अप्पुव्वनाणगहणे, सुयभत्ती पवयणे पभावणया ।
एएहिं कारणेहिं, तित्थयरत्तं लहइ जीवो ॥८२॥

નવા જ્ઞાનનું ગ્રહણ, શ્રુતભક્તિ અને શાસન પ્રભાવના.. આ ૨૦ કારણોથી જીવ તીર્થંકરપણું પામે છે.

~~ અઢાર હજાર શીલાંગ ~~

८४० जोए करणे सन्ना, इंदिय भोमाइ समणधम्मे य ।
सीलंगसहस्साणं, अट्ठारगस्स निप्फत्ती ॥८३॥

૩ યોગ, કરણ-કરાવણ-અનુમોદન એ ૩, (આહારાદિ) ૪ સંજ્ઞા, ૫ ઈન્દ્રિય, ૧૦ પૃથ્વીકાયાદિ અને ૧૦ શ્રમણધર્મને ગુણતાં ૧૮,૦૦૦ શીલાંગ થાય.

~~ ૭ નય ~~

૮૪૭ नेगम संगह ववहार, रिज्जुसुए चेव होइ बोद्धव्वे ।
सद्दे य समभिरूढे, एवंभूए य मूलनया ॥८४॥

નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત - એ મૂળનયો જાણવા.

~~ ૫ વ્યવહાર ~~

૮૫૪ आगम सुय आणा धारणा, य जीए य पंच ववहारा ।
केवल मणोहि चउदस, दस नवपुव्वाइ पढमोऽत्थ ॥८५॥

આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત એ પાંચ વ્યવહાર છે. કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ૧૪ પૂર્વી, ૧૦ પૂર્વી, ૯ પૂર્વી - એ આગમવ્યવહારી છે.

~~ સમ્યક્ત્વના ૬૭ બોલ ~~

૯૨૮ परमत्थसंथवो वा, सुदिट्ठपरमत्थसेवणा वा वि ।
वावन्नकुदंसणवज्जणा य, सम्मत्तसद्दहणा ॥८६॥

જીવાદિ ૯ તત્ત્વોનો પરિચય, તત્ત્વજ્ઞાનીની સેવા, નિહ્નવ અને કુતીર્થિકોનો ત્યાગ એ ૪ સમ્યક્ત્વની સદહણા છે.

९२९ सुस्सूस धम्मराओ, गुरुदेवाणं जहासमाहीए ।
वेयावच्चे नियमो, सम्मद्दिट्ठिस्स लिंगाइं ॥८७॥

શુશ્રૂષા, ધર્મરાગ અને દેવ-ગુરુની વૈયાવચ્ચનો યથાશક્તિ નિયમ એ ૩ સમ્યગ્દષ્ટિના લિંગ છે.

९३० अरहंत सिद्ध चेइय, सुए य धम्मे य साहुवग्गे य ।
आयरिय उवज्झाएसु य, पवयणे दंसणे या वि ॥८८॥

અરિહંત, સિદ્ધ, ચૈત્ય (પ્રતિમા), શ્રુત, ધર્મ, સાધુવર્ગ, આચાર્ય, ઉપાધ્યાય, પ્રવચન (સંઘ) અને દર્શન એ ૧૦ની...

९३१ भत्ती पूया वन्नसंजलणं, वज्जणमवन्नवायस्स ।
आसायणपरिहारो, दंसणविणओ समासेणं ॥८९॥

ભક્તિ, પૂજા, પ્રશંસા, નિંદાત્યાગ અને આશાતનાત્યાગ એ સમ્યગ્દર્શનનો દશ પ્રકારનો વિનય છે.

९३२ मोत्तूण जिणं मोत्तूण, जिणमयं जिणमयट्ठिए मोत्तुं ।
संसारकच्चवारं, चिंतिज्जंतं जगं सेसं ॥९०॥

જિનેશ્વર, જિનમત અને જિનમતમાં રહેલ સાધુ સિવાય સંસારમાં બધું અસાર છે એમ વિચારવું, તે સમ્યક્ત્વની ૩ શુદ્ધિ છે.

९३३ संका कंख विगिच्छा, पसंस तह संथवो कुलिंगिसु ।
सम्मत्तस्सऽइयारा, परिहरियव्वा पयत्तेणं ॥९१॥

શંકા, કાંક્ષા, વિચિકિત્સા, કુતીર્થિકોની પ્રશંસા અને પરિચય - આ સમ્યક્ત્વના પાંચ અતિચારો પ્રયત્નપૂર્વક વર્જવા.

૧૩૪ पावयणी धम्मकही, वाई नेमित्तिओ तवस्सी य ।
विज्जा सिद्धो य कवी, अट्ठेव पभावगा भणिया ॥९२॥

પ્રાવચનિક (જ્ઞાની), ધર્મકથી, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યાધર, (મંત્રાદિ) સિદ્ધ અને કવિ - એ ૮ પ્રભાવકો કહ્યા છે.

૧૩૫ जिणसासणे कुसलया,
पभावणाऽऽययणसेवणा थिरया ।
भत्ती य गुणा,
सम्मत्तदीवया उत्तमा पंच ॥९३॥

જિનશાસનમાં કુશળતા, પ્રભાવના, આયતનસેવા, સ્થિરતા અને ભક્તિ - એ સમ્યક્ત્વને શોભાવનારા પાંચ ઉત્તમ ગુણો છે.

૧૩૬ उवसम संवेगो वि य, निव्वेओ तह य होइ अणुकंपा ।
अत्थिक्कं चिय एए, सम्मत्ते लक्खणा पंच ॥९४॥

ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય - એ પાંચ સમ્યક્ત્વના લક્ષણ છે.

૧૩૭ नो अन्नतित्थिए अन्नतित्थि-देवे य तह सदेवे वि ।
गहिए कुतित्थिएहि, वंदामि न वा नमंसामि ॥९५॥

અન્યધર્મીને, અન્યધર્મના દેવને, અન્યધર્મીઓના કબજામાં રહેલ અરિહંતની પ્રતિમાને વંદન કે નમસ્કાર નહીં કરું...

૯૩૮ नेव अणालत्तो आलवेमि, नो संलवेमि तह तेसिं ।
देमि न असणाईयं, पेसेमि न गंधपुप्फाइ ॥९६॥

(અન્યધર્મીએ) બોલાવ્યા વિના તેમની સાથે વાત નહીં કરું, વારંવાર વાત નહીં કરું, ભક્તિથી અશનાદિ નહીં આપું, પુષ્પાદિથી સત્કાર નહીં કરું.. આ ૬ સમ્યક્ત્વની જયણા છે.

૯૩૯ रायाभिओगो य गणाभिओगो,
बलाभिओगो य सुराभिओगो ।
कंतारवित्ती गुरुनिग्गहो य,
छ छिंडिआओ जिणसासणंमि ॥९७॥

રાજાભિયોગ, ગણાભિયોગ, બલાભિયોગ, દેવાભિયોગ, આજીવિકા અને ગુરુવર્ગની (માતા-પિતાદિની) આજ્ઞા - આ ૬ જિનશાસનમાં (અન્યધર્મીને નમસ્કાર વગેરે ન કરવામાં) છૂટ - આગાર છે.

૯૪૦ मूलं दारं पइट्ठाणं, आहारो भायणं निही ।
दुच्छक्कस्सावि धम्मस्स, सम्मत्तं परिकित्तियं ॥९८॥

બારે પ્રકારના ધર્મનું મૂળ, દ્વાર, પાયો, આધાર, ભાજન અને નિધિ (દાબડો) સમ્યક્ત્વ કહ્યું છે. આ ૬ સમ્યક્ત્વની ભાવના છે.

९४१ अत्थि य निच्चो कुणई,
कयं च वेएइ अत्थि निव्वाणं ।
अत्थि य मोक्खावाओ,
छस्सम्मत्तस्स ठाणाइं ॥९९॥

આત્મા છે, નિત્ય છે, કર્તા છે, કરેલાને ભોગવે છે, તેનો મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે. આ ૬ સમ્યક્ત્વના સ્થાનો છે.

~~ શ્રાવકના ૨૧ ગુણ ~~

१३५६ धम्मरयणस्स जोग्गो, अक्खुद्दो रूववं पगइसोमो ।
लोयप्पिओ अकूरो, भीरु असढो सदक्खिन्नो ॥१००॥

ધર્મરત્નને યોગ્ય - અક્ષુદ્ર, રૂપવાન્, પ્રકૃતિથી સૌમ્ય, લોકપ્રિય, અક્રૂર, પાપભીરુ, અશઠ, દાક્ષિણ્યવંત...

१३५७ लज्जालुओ दयालू, मज्झत्थो सोमदिट्ठि गुणरागी ।
सक्कहसुपक्खजुत्तो, सुदीहदंसी विसेसन्नू ॥१०१॥

લજ્જાળુ, દયાળુ, મધ્યસ્થ, સૌમ્ય દષ્ટિવાળો, ગુણાનુરાગી, સત્કથા અને સુપક્ષયુક્ત, દીર્ઘદર્શી, વિશેષજ્ઞ...

१३५८ वुड्ढाणुगो विणीओ, कयन्नुओ परहियत्थकारी य ।
तह चेव लद्धलक्खो, इगवीसगुणो हवइ सड्ढो ॥१०२॥

વડીલોને અનુસરનાર, વિનયી, કૃતજ્ઞ, પરહિતકર્તા અને લબ્ધલક્ષ્ય - આ ૨૧ ગુણવાળો શ્રાવક હોય.

~~ આત્માંગુલ ~~

१३९४ जे जंमि जुगे पुरिसा, अट्ठसयंगुलसमूसिया हुंति ।
तेसिं जं मियमंगुलं, आयंगुलमेत्थ तं होइ ॥१०३॥

જે કાળે જે પુરુષો પોતાના અંગુલથી ૧૦૮ અંગુલ ઊંચા હોય, તેમનું જે અંગુલ, તે આત્માંગુલ કહેવાય.

१३९६ उस्सेहंगुलमेगं हवइ, पमाणंगुलं सहस्सगुणं ।
उस्सेहंगुलदुगुणं, वीरस्सायंगुलं भणियं ॥१०४॥

પ્રમાણાંગુલ, ૧૦૦૦ ઉત્સેધાંગુલ જેટલું છે. વીર પ્રભુનું આત્માંગુલ ઉત્સેધાંગુલથી બમણું કહ્યું છે.

१३९७ आयंगुलेण वत्थुं, उस्सेहपमाणओ मिणसु देहं ।
नगपुढविविमाणाइं, मिणसु पमाणंगुलेणं तु ॥१०५॥

આત્માંગુલથી વસ્તુઓ, ઉત્સેધાંગુલથી શરીર અને પ્રમાણાંગુલથી પર્વત, પૃથ્વી, વિમાન વગેરે મપાય છે.

~~ સંહરણ ~~

१४१९ समणीमवगयवेयं, परिहार पुलायमप्पमत्तं च ।
चउदसपुव्विं आहारगं च, न य कोइ संहरइ ॥१०६॥

અખંડ બ્રહ્મચારી સાધ્વી, વેદરહિત કેવલી, પરિહારવિશુદ્ધિ ચારિત્રધર, પુલાક ચારિત્રધર, અપ્રમત્ત સાધુ, ૧૪ પૂર્વધર અને આહારક લબ્ધિધરનું સંહરણ કોઈ ન કરી શકે.

~~ દેવ-આહાર ~~

૧૧૮૫ जस्स जइ सागराइं ठिइ, तस्स तेत्तिएहिं पक्खेहिं ।
ऊसासो देवाणं, वाससहस्सेहिं आहारो ॥१०७॥

જે દેવોનું જેટલા સાગરોપમનું આયુષ્ય હોય, તેમને તેટલા પખવાડિયે ઉચ્છ્વાસ અને તેટલા હજાર વર્ષે આહાર હોય.

~~ દેવ-પ્રવીચાર ~~

૧૪૪૦ गेविज्जऽणुत्तरेसु, अप्पवियारा हवंति सव्वसुरा ।
सप्पवियारठिईणं, अणंतगुणसोक्खसंजुत्ता ॥१०८॥

ગ્રૈવેયક અને અનુત્તરમાં બધા દેવો અપ્રવિચારી હોય છે. અને સપ્રવિચારી કરતાં અનંતગુણ સુખી હોય છે.

जैं ज्ञ

# પિંડવિશુદ્ધિ

## (સાર્થ)

: ગ્રંથકર્તા :

શ્રી જિનવલ્લભગણિ

| | |
|---|---|
| **ગ્રંથ** | : પિંડવિશુદ્ધિ (સાર્થ) |
| **ગ્રંથકર્તા** | : શ્રી જિનવલ્લભગણિ મ. સા. |
| **અર્થસંકલન** | : પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા. |
| **અર્થસંશોધન** | : દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય... પ. પૂ. મુ. શ્રી ત્રિભુવનરત્નવિ. મ. સા. |
| **ભાષા** | : પ્રાકૃત, ગુજરાતી |
| **વિષય** | : ગોચરીના દોષો |

## पिण्डविशुद्धिप्रकरणं

देविंदविंदवंदिय-पयारविंदेऽभिवंदिय जिणिंदे ।
वोच्छामि सुविहियहियं, पिंडविसोहिं समासेण ॥१॥

દેવેન્દ્રના સમૂહ વડે જેમના ચરણકમળ પૂજાયેલા છે તેવા જિનેશ્વરોને વંદન કરીને સુવિહિત સાધુઓને હિતકર પિંડની શુદ્ધિને ટૂંકમાં કહું છું.

जीवा सुहेसिणो, तं सिवंमि तं संजमेण सो देहे ।
सो पिंडेण सदोसो, सो पडिकुट्ठो इमे ते य ॥२॥

જીવો સુખના ઇચ્છુક છે. તે સુખ મોક્ષમાં છે. મોક્ષ સંયમથી મળે, સંયમ શરીરથી પળાય, શરીર પિંડથી ટકે અને તે પિંડ દોષવાળો પ્રતિષિદ્ધ છે, તે દોષો આ છે.

आहाकम्मुद्देसिय, पूईकम्मे य मीसजाए य ।
ठवणा पाहुडियाए, पाउयर-कीय-पामिच्चे ॥३॥

આધાકર્મ, ઔદેશિક, પૂતિકર્મ, મિશ્રજાત, સ્થાપના, પ્રાભૃતિકા, પ્રાદુષ્કરણ, ક્રીત, પ્રામિત્યક...

परिअट्टिए अभिहडुब्भिन्ने, मालोहडे य अच्छिज्जे ।
अणिसिट्ठज्झोयरए, सोलस पिंडुग्गमे दोसा ॥४॥

પરિવર્તિત, અભ્યાહૃત, ઉદ્‌ભિન્ન, માલાપહૃત, આચ્છેદ્ય, અનિસૃષ્ટ, અધ્યવપૂરક આ સોળ પિંડના ઉદ્‌ગમમાં લાગતા દોષો છે.

आहाए वियप्पेणं, जईण कम्ममसणाइकरणं जं ।
छक्कायारम्भेणं, तं आहाकम्ममाहंसु ॥५॥

આધાથી - એટલે કે સાધુના સંકલ્પથી, કર્મ એટલે ષટ્કાયના આરંભથી જે અશનાદિનું બનાવવું, તેને આધાકર્મ કહે છે.

अहवा जं तग्गाहिं, कुणइ अहे संजमाउ नरए वा ।
हणइ व चरणायं, से अहकम्म तमायहम्मं वा ॥६॥

અથવા જે તેના ગ્રહણ કરનારને નીચો કરે - સંયમથી પાડે અથવા નરકમાં પાડે તે અધઃકર્મ. અથવા જે ચારિત્રના લાભને હણે, તે આયહમ્મ.

अट्ठवि कम्माइं अहे, बंधइ पकरेइ चिणइ उवचिणइ ।
कम्मियभोई अ साहू, जं भणियं भगवईए फुडं ॥७॥

કારણકે ભગવતીસૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે 'આધાકર્મી વાપરનાર સાધુ આઠે કર્મના સ્થિતિ-પ્રદેશ-રસ બાંધે, બાંધેલાને વધારે'.

तं पुण जं जस्स जहा, जारिसमसणे य तस्स जे दोसा ।
दाणे य जहापुच्छा, छलणा सुद्धी य तह वोच्छं ॥८॥

તે (આધાકર્મ) જે (વસ્તુ) થાય, જેને થાય, જે રીતે થાય, જેવું થાય, તેને વાપરવામાં જે દોષ થાય, તેને આપવામાં જે દોષ થાય, શી રીતે પૂછવું, છલના અને શુદ્ધિ - આટલું કહીશ.

असणाइ चउब्भेयं, आहाकम्ममिह बिंति आहारं ।
पढमं चिय जइजोग्गं, कीरंतं निट्ठियं च तहिं ॥९॥

અશનાદિ ચાર પ્રકારનો આહાર, પહેલેથી સાધુ માટે શરૂ કરાય અને તેમના માટે જ બનાવવાનું પૂર્ણ કરાય, તેને આધાકર્મ કહે છે.

तस्स कड तस्स निट्ठिय,
चउभंगो तत्थ दुचरिमा कप्पा ।
फासुकडं रद्धं वा,
निट्ठियमियरं कडं सव्वं ॥१०॥

'સાધુ માટે કૃત (શરૂ કરાયેલ)' અને 'સાધુ માટે નિષ્ઠિત (પૂર્ણ કરાયેલ)' આ બે પદના ચાર ભાંગા થાય. તેમાં બીજો અને ચોથો (સાધુ માટે અનિષ્ઠિતવાળા) કલ્પ્ય છે. સાધુ માટે અચિત્ત કરાયેલું કે રંધાયેલું નિષ્ઠિત કહેવાય, બાકી બધું કૃત કહેવાય.

साहुनिमित्तं ववियाइ, ता कडा जाव तंदुला दुछडा ।
तिछडा उ निट्ठिया, पाणगाइ जहसंभवं नेज्जा ॥११॥

સાધુ માટે વાવે ત્યાંથી શરૂ કરીને બે વાર છડેલા ચોખા સુધી કૃત કહેવાય. ત્રણ વાર છડેલા નિષ્ઠિત કહેવાય. પાણી વગેરેમાં યથાસંભવ સમજી લેવું.

साहम्मियस्स पवयण-लिंगेहि कए कयं हवइ कम्मं ।
पत्तेयबुद्धनिण्हव-तित्थयरट्ठाए पुण कप्पे ॥१२॥

પ્રવચન અને લિંગ - બંનેથી સાધર્મિક માટે કરાયેલું આધાકર્મ થાય. પ્રત્યેકબુદ્ધ, નિહ્નવ કે તીર્થંકર માટે કરાયેલું હોય તે કલ્પે. (પ્રત્યેકબુદ્ધ પ્રવચનસાધર્મિક છે, લિંગથી નથી. નિહ્નવ લિંગસાધર્મિક છે, પ્રવચનથી નથી. તીર્થંકર સાધર્મિક ગણાતા નથી.)

पडिसेवणपडिसुणणा-संवासऽणुमोयणेहिं तं होइ ।
इह तेणरायसुय-पल्लिरायदुट्ठेहिं दिट्ठंता ॥१३॥

પ્રતિસેવના, પ્રતિશ્રવણ, સંવાસ અને અનુમોદનાથી આધાકર્મ થાય. (આધાકર્મ વાપરવા સમાન દોષ લાગે.) અહીં ચોર-રાજકુમાર-પલ્લી અને રાજાના દુષ્ટ સેવકોના દૃષ્ટાંત જાણવા.

सयमन्नेण च दिन्नं,
कम्मियमसणाइ खाइ पडिसेवा ।
दक्खिन्नादुवओगे,
भणिओ लाभो त्ति पडिसुणणा ॥१४॥

સ્વયં લાવેલ કે બીજાએ લાવીને આપેલ આધાકર્મ અશનાદિ વાપરવા તે પ્રતિસેવા. દાક્ષિણ્યના કારણે (આધાકર્મ લાવનારને) 'ઉપયોગ' વખતે 'લાભ' એમ કહેવું તે પ્રતિશ્રવણા.

संवासो सहवासो, कम्मियभोइहिं तप्पसंसा उ ।
अणुमोयण त्ति तो ते, तं च चए तिविहतिविहेण ॥१५॥

આધાકર્મ વાપરનાર સાથે રહેવું તે સંવાસ. તેમની પ્રશંસા તે અનુમોદના. તે પ્રતિસેવા વગેરે ચારે ત્રિવિધે ત્રિવિધે તજવા.

वंतुच्चारसुरागो-मंससममिमंति तेण तज्जुत्तं ।
पत्तं पि कयतिकप्पं, कप्पइ पुव्वं करिसघट्टं ॥१६॥

આધાકર્મ એ ઊલટી, વિષ્ઠા, દારૂ અને ગોમાંસ જેવું છે. તેથી જ તેનાથી ખરડાયેલું પાત્ર પણ રાખ વગેરેથી સાફ કરીને ત્રણ કલ્પ કરીને (ત્રણ વાર ધોઈને) પછી જ કલ્પે છે.

कम्मग्गहणे अइक्कम्म-वइक्कम्मा तहऽइयारणायारा ।
आणाभंगऽणवत्था-मिच्छत्तविराहणा य भवे ॥१७॥

આધાકર્મના ગ્રહણમાં અતિક્રમ-વ્યતિક્રમ-અતિચાર-અનાચાર; આજ્ઞાભંગ-અનવસ્થા-મિથ્યાત્વ અને વિરાધના થાય છે.

आहाकम्मामंतण-पडिसुणमाणे अइक्कम्मो होइ ।
पयभेयाइ वइक्कम, गहिए तइएयरो गिलिए ॥१८॥

આધાકર્મ વાપરવાનું આમંત્રણ સાંભળવામાં (ના ન પાડવામાં) અતિક્રમ થાય. (તે લેવા માટે) ડગલું માંડવામાં વ્યતિક્રમ, વહોરવામાં અતિચાર અને વાપરવામાં અનાચાર થાય.

भुंजइ आहाकम्मं, सम्मं जो न य पडिक्कमति लुद्धो ।
सव्वजिणाणाविमुहस्स, तस्स आराहणा नत्थि ॥१९॥

આસક્ત એવો જે આધાકર્મ વાપરે અને સમ્યક્ પ્રતિક્રમણ ન કરે, સર્વ જિનાજ્ઞાથી નિરપેક્ષ એવા તેની કોઈ આરાધના, આરાધના રહેતી નથી.

जइणो चरणविघाइत्ति, दाणमेयस्स नत्थि ओहेण ।
बीयपए जइ कत्थ वि, पत्तविसेसे य होज्ज जओ ॥२०॥

સાધુના ચારિત્રનું નાશક હોવાથી સામાન્યથી તે આધાકર્મનું દાન કરવાનું નથી. અપવાદે પાત્રવિશેષમાં કરાય પણ; કારણકે......

संथरणंमि असुद्धं, दोण्ह वि गेण्हंतदेंतयाणऽहियं ।
आउरदिट्ठंतेणं, तं चेव हियं असंथरणे ॥२१॥

નિર્વાહ થતો હોય તો અશુદ્ધ (દોષિત અશનાદિ) લેનાર - આપનાર બંને માટે અહિતકર છે. નિર્વાહ ન થતો હોય ત્યારે રોગીના દૃષ્ટાંતથી તે જ હિતકર છે.

भणियं च पंचमंगे, सुपत्तसुद्धन्नदाणचउभंगे ।
पढमो सुद्धो बीए भयणा, सेसा अणिट्ठफला ॥२२॥

ભગવતીસૂત્રમાં કહ્યું છે - "સુપાત્ર અને શુદ્ધ દાનની ચતુર્ભંગીમાં પહેલો શુદ્ધ છે, બીજા (સુપાત્રને અશુદ્ધ દાન)માં ભજના છે. બાકીના બે (કુપાત્રવાળા) અનિષ્ટ ફલવાળા છે."

देसाणुचियं बहुदव्वं, अप्पकुलमायरो य तो पुच्छे ।
कस्स कए केण कयं?, लक्खिज्जइ बज्झलिंगेहिं ॥२३॥

ક્ષેત્રને અયોગ્ય દ્રવ્ય, પરિવાર નાનો પણ દ્રવ્ય ઘણું, વહોરાવવામાં અત્યંત આદર હોય તો પૂછવું - "કોના માટે કોણે બનાવ્યું ?" બાહ્ય ચિહ્નોથી જણાઈ જાય (કે દોષિત છે.)

थोवं ति न पुट्ठं, न कहियं गूढेहिं नायरो व कओ ।
इय छलिओ न लग्गइ, सुउवउत्तो असढभावो ॥२४॥

થોડું હોવાથી ન પૂછ્યું, કપટથી કહ્યું નહીં, અથવા આદર ન કર્યો - આ રીતે છેતરાઈ ગયેલા પણ શ્રુતમાં ઉપયુક્ત અને અશઠ ભાવવાળા સાધુને કર્મ બંધાતું નથી.

आहाकम्मपरिणओ, बज्झइ लिंगि व्व सुद्धभोई वि ।
सुद्धं गवेसमाणो, सुज्झइ खवग व्व कम्मे वि ॥२५॥

આધાકર્મ વાપરવાની ઈચ્છાવાળો શુદ્ધ આહાર વાપરે તો પણ વેશધારી સાધુની જેમ કર્મ બાંધે. શુદ્ધ આહારની ગવેષણા કરનારો (છેતરાવાના કારણે) આધાકર્મ વાપરે તો પણ તપસ્વી સાધુની જેમ શુદ્ધ થાય છે (કર્મ ખપાવે છે.)

नणु मुणिणा जं न कयं,
न कारियं नाणुमोइयं तं से ।
गिहिणा कडमाययओ,
तिगरणसुद्धस्स को दोसो ? ॥२६॥

પ્રશ્ન : જે મુનિએ કર્યું નથી, કરાવ્યું નથી, અનુમોદ્યું નથી, તેવું ગૃહસ્થે કરેલું વહોરવામાં ત્રણે કરણથી શુદ્ધ મુનિને શો દોષ લાગે ?

सच्चं तह वि मुणंतो, गिण्हंतो वद्धए पसंगं से ।
निद्धंधसो य गिद्धो, न मुयइ सजियं पि सो पच्छा ॥२७॥

ઉત્તર : સાચી વાત છે (દોષ ન લાગે). તો પણ (દોષિત) જાણવા છતાં લેનાર સાધુ (દોષિત બનાવવાનો) પ્રસંગ વધારે છે. અને નિર્ધ્વંસ અને ગૃદ્ધ એવો તે પછી સચિત્તને પણ છોડતો નથી.

उद्देसियमोहविभागओ य, ओहे सए जमारंभे ।
भिक्खाउ कइ वि कप्पइ, जो एही तस्स दाणट्ठा ॥२८॥

ઔદ્દેશિક ઓઘ અને વિભાગથી એમ બે પ્રકારે છે. પોતાના માટે કરેલા આરંભમાં, જે માંગવા આવે તેને આપવા માટે કેટલીક ભિક્ષાનો સંકલ્પ કરે, તે ઓઘ-ઔદ્દેશિક.

बारसविहं विभागे, चउहुद्दिट्ठं कडं च कम्मं च ।
उद्देससमुद्देसादेससमाएसभेएण ॥२९॥

વિભાગ-ઔદ્દેશિક બાર પ્રકારે છે. ઉદ્દેશ, સમુદ્દેશ, આદેશ અને સમાદેશ એ ચાર પ્રકારે - ઉદ્દિષ્ટ, કૃત અને કર્મ.

जावंतियसमुद्देसं, पासंडीणं भवे समुद्देसं ।
समणाणं आएसं, निग्गंथाणं समाएसं ॥३०॥

બધા યાચકો માટે હોય તે ઉદ્દેશ. પાખંડી (સંન્યાસી) માટે હોય તે સમુદ્દેશ. બૌદ્ધ વગેરે પાંચ પ્રકારના શ્રમણ માટે હોય તે આદેશ. નિર્ગ્રંથ (જૈન સાધુ) માટે હોય તે સમાદેશ.

संखडि भुत्तुव्वरियं, चउण्हमुद्दिसइ जं तमुद्दिट्ठं ।
वंजणमीसाइ कडं, तमग्गितवियाइ पुण कम्मं ॥३१॥

સંખડીમાં વધેલું (ઉપર કહેલા) ચારને માટે રાખે તે ઉદ્દિષ્ટ. તેને વ્યંજનથી મિશ્ર કરે તે કૃત અને અગ્નિથી ગરમ કરે તે કર્મ.

उग्गमकोडिकणेण वि, असुइलवेणं व जुत्तमसणाई ।
सुद्धं पि होइ पूई, तं सुहुमं बायरं ति दुहा ॥३२॥

અશુચિના કણની જેવા ઉદ્ગમના દોષોવાળા આહારના કણથી યુક્ત એવું અશનાદિ શુદ્ધ હોય તો પણ પૂતિ થાય. તે સૂક્ષ્મ - બાદર એમ બે પ્રકારે છે.

सुहुमं कम्मियगंधग्गि-धूमबप्फेहिं तं पुण न दुट्ठं ।
दुविहं बायरमुवगरण-भत्तपाणे तहिं पढमं ॥३३॥

આધાકર્મીની ગંધ, તેના અગ્નિનો ધૂમાડો, વરાળ વગેરેથી સૂક્ષ્મપૂતિ થાય. તે દુષ્ટ નથી. બાદરપૂતિ ઉપકરણ અને ભક્ત-પાન એમ બે પ્રકારે છે. તેમાં પહેલું -

कम्मियचुल्लियभायण-डोवठियं पूइ कप्पइ पुढो तं ।
बीयं कम्मियवग्घार-हिंगुलोणाइ जत्थ छुहे ॥३४॥

આધાકર્મી ચૂલા, તપેલા, ચમચામાં રહેલું (ઉપકરણ)પૂતિ થાય. તેમાંથી કાઢી લીધેલું કલ્પે. બીજું (ભક્તપાનપૂતિ) આધાકર્મી વઘાર-હિંગ-મીઠું જેમાં નાખે તે.

कम्मियवेसणधूमियं, अहव कयं कम्मखरडिए भाणे ।
आहारपूइय तं, कम्मलित्तहत्थाइछिक्कं च ॥३५॥

આધાકર્મી વેસન (જીરૂ વગેરેના ધૂમાડા)થી ધૂમિત અથવા આધાકર્મી આહારથી ખરડાયેલા વાસણમાં રહેલું અથવા આધાકર્મી આહારથી ખરડાયેલ હાથ વગેરે જેને અડ્યા હોય તે આહારપૂતિ છે.

पढमे दिणंमि कम्मं, तिन्नि उ पूइ कयकम्मपायघरं ।
पूइ तिलेवं पिढरं, कप्पइ पायं कयतिकप्पं ॥३६॥

આધાકર્મ જે ઘરે કરાયું હોય તે ઘર પહેલે દિવસે આધાકર્મ, ત્રણ દિવસ પૂતિ ગણાય. (આધાકર્મથી ખરડાયેલ) વાસણ ત્રણ લેપ કર્યા પછી (ત્રણ વાર અન્ય ચીજ માટે વાપર્યા પછી), અને પાતરું ત્રણ વાર ધોયા પછી ખપે.

जं पढमं जावंतिय-पासंडजईण अप्पणो य कए ।
आरभइ तं तिमीसं ति, मीसजायं भवे तिविहं ॥३७॥

જે પહેલેથી જ બધા યાચકો, સંન્યાસીઓ કે સાધુઓ અને પોતાના માટે બનાવે, તે ત્રણ રીતનો મિશ્ર (આહાર), ત્રણ પ્રકારે મિશ્રજાત(દોષ) થાય.

सट्ठाणपरट्ठाणे,
परंपराणंतरं चिरित्तरियं ।
दुविहतिविहा वि ठवणा-
ऽसणाइ जं ठवइ साहुकए ॥३८॥

સ્વસ્થાન - પરસ્થાન, પરંપર - અનંતર, ચિરકાલ - અલ્પકાલ એમ ત્રણ રીતે બે - બે પ્રકારે - સાધુ માટે અશનાદિ જે મૂકી રાખવા તે - સ્થાપના છે.

चुल्लुक्खाइ सट्ठाणं, खीराइ परंपरं घयाइयरं ।
दव्वट्ठिइं जाव चिरं, अचिरं तिघरंतरं कप्पं ॥३९॥

ચૂલો - ઉખા એ સ્વસ્થાન છે. દૂધની સ્થાપના પરંપર છે. ઘી વગેરે અનંતર છે. દ્રવ્ય ટકે ત્યાં સુધીની સ્થાપના ચિર છે. (વહોરાઈ રહેલ ઘરથી) ત્રણ ઘર સુધીની સ્થાપના અચિર (ઇત્વર) છે, તે કલ્પ્ય છે.

बायरसुहुमुस्सक्कणं, ओसक्कणमिइ दुहेह पाहुडिया ।
परओकरणुस्सक्कणं, ओसक्कणमारओ करणं ॥४०॥

બાદર અને સૂક્ષ્મ ઉત્ષ્વષ્કણ અને અવષ્વષ્કણ એમ બે પ્રકારે પ્રાભૃતિકા છે. પાછળ (મોડું) કરવું તે ઉત્ષ્વષ્કણ, આગળ (વહેલું) કરવું તે અવષ્વષ્કણ.

पाउयकरणं दुविहं, पायडकरणं पयासकरणं च ।
सतिमिरघरे पयडणं, समणट्ठा जमसणाइणं ॥४१॥

અંધારા ઘરમાં સાધુ માટે અશનાદિનું જે પ્રકટન, તે પ્રાદુષ્કરણ બે પ્રકારે છે - પ્રકટકરણ અને પ્રકાશકરણ.

पायडकरणं बहिया-करणं देयस्स अहव चुल्लीए ।
बीयं मणिदीवगवक्ख-कुड्डच्छिड्डाइकरणेणं ॥४२॥

આપવાના આહારાદિ અથવા ચૂલાને બહાર લાવવા તે પ્રકટકરણ. મણિ, દીપક, બારી કે દિવાલમાં કાણું કરવા વડે બીજું પ્રકાશકરણ.

किणणं कीयं मुल्लेणं, चउह तं सपरदव्वभावेहिं ।
चुन्नाइकहाइधणाइ-भत्तमंखाइरूवेहि ॥४३॥

કિંમત આપીને ખરીદવું તે ક્રીત. તે વાસચૂર્ણાદિ(સ્વ-દ્રવ્ય), ધર્મકથાદિ(સ્વ-ભાવ), ધનાદિ(પર-દ્રવ્ય) કે ભક્ત ચિત્રકાર / નટ(પર-ભાવ) વગેરે રૂપે સ્વ-પર અને દ્રવ્ય-ભાવથી ચાર પ્રકારે છે.

समणट्ठा उच्छिंदिय, जं देयं देइ तमिह पामिच्चं ।
तं दुट्ठं जइभइणी-उद्धारियतेल्लनाएण ॥४४॥

સાધુ માટે ઉછીનું માગીને જે આહારાદિ આપે તે પ્રામિત્યક. તે ઉધાર લીધેલા તેલવાળી સાધુની બહેનના દૃષ્ટાંતથી દુષ્ટ છે.

पल्लटियं जं दव्वं, तदन्नदव्वेहिं देइ साहूणं ।
तं परियट्टियमेत्थं, वणिदुगभइणीहि दिट्ठंतो ॥४५॥

(બીજા ગૃહસ્થ સાથે) વહોરાવવાની (ભિન્ન ગુણવત્તાની તે જ) વસ્તુ અથવા બીજી વસ્તુથી અદલાબદલી કરીને જે દ્રવ્ય સાધુને આપે તે પરિવર્તિત. અહીંયાં બે વાણિયાની બહેનોનું દૃષ્ટાંત છે.

गिहिणा सपरग्गामाइ, आणियं अभिहडं जईणट्ठा ।
तं बहुदोसं नेयं, पायडछन्नाइबहुभेयं ॥४६॥

ગૃહસ્થે સ્વ-પર ગામથી સાધુ માટે લાવેલું તે અભ્યાહૃત. તે પ્રગટ - ગુપ્ત વગેરે ઘણાં પ્રકારનું, ઘણાં દોષવાળું જાણવું.

आइन्नं तुक्कोसं, हत्थसयंतो घरेउ तिन्नि तहिं ।
एगत्थ भिक्खगाही, बीओ दुसु कुणइ उवओगं ॥४७॥

ઉત્કૃષ્ટથી સો હાથથી કે ત્રણ ઘરથી લાવેલું, એક સાધુ વહોરતો હોય અને બીજો બે ઘરમાં ઉપયોગ રાખતો હોય ત્યારે તે (અભ્યાહૃત) આચીર્ણ છે.

जउछगणाइविलित्तं, उब्भिंदिय देइ जं तमुब्भिन्नं ।
समणट्ठमपरिभोगं, कवाडमुग्घाडियं वा वि ॥४८॥

લાખ - છાણ વગેરેથી લેપેલ (કોઠી વગેરે) સાધુ માટે ખોલીને જે આહારાદિ આપે તે ઉદ્‌ભિન્ન છે. અથવા નહીં વપરાતા દરવાજાને ખોલીને આપે તે.

उड्ढमहोभयतिरिएसु, मालभूमिहरकुंभीधरणिठियं ।
करदुग्गेज्झं दलयइ, जं तं मालोहडं चउहा ॥४९॥

માળિયું, ભોંયરું, કોઠી કે ગોખલામાં રહેલું, હાથેથી સરળતાથી ન લેવાય તેવું જે (કાઢીને) આપે તે માલાપહૃત ક્રમશઃ ઉર્ધ્વ, અધો, ઉભય અને તિર્યગ્ એમ ચાર પ્રકારે છે.

अच्छिंदिअ अन्नेसिं, बला वि जं देंति सामिपहुतेणा ।
तं अच्छिज्जं तिविहं, न कप्पए नणुमयं तेहिं ॥५०॥

બીજાની પાસેથી પરાણે આંચકીને મુખી, ઘરમાલિક કે ચોરો જે આપે, તે આચ્છેદ્ય ત્રણ પ્રકારનું છે, તે કલ્પતું નથી. કારણકે (જેમની પાસેથી આંચકી લીધું છે) તેમણે રજા આપી નથી.

अणिसिट्ठमदिन्नं, अणणुमयं च बहुतुल्लमेगु जं दिज्जा ।
तं च तिहा साहारण-चोल्लगजड्डानिसट्ठंति ॥५१॥

ઘણાની સંયુક્ત માલિકીનું, જે બધાએ ન આપેલું કે રજા ન આપેલું એક જણ આપે તે અનિસૃષ્ટ. તે સાધારણ - ચોલ્લક અને જડ્ડ અનિસૃષ્ટ એમ ત્રણ પ્રકારે છે.

जावंतियजइपासंडियत्थं, ओयरइ तंदुले पच्छा ।
सड्ढा मूलारंभे, जमेस अज्झोयरो तिविहो ॥५२॥

પોતાની માટે રાંધવાનું શરૂ કર્યા પછી બધા યાચકો, સંન્યાસી કે સાધુ માટે પાછળથી ચોખા ઉમેરે તે અધ્યવપૂરક ત્રણ પ્રકારે છે.

इय कम्मं उद्देसियतिय-मीसऽज्झोयरंतिमदुगं च ।
आहारपूइबायर-पाहुडि अविसोहिकोडि त्ति ॥५३॥

અહીં આધાકર્મ, (કર્મ)ઔદ્દેશિકના ત્રણ ભેદ (સમુદ્દેશ - આદેશ - સમાદેશ), મિશ્ર અને અધ્યવપૂરકના છેલ્લા બે ભેદ (સંન્યાસી, સાધુ), આહારપૂતિ અને બાદરપ્રભૃતિકા અવિશોધિ-કોટિ છે.

तीए जुयं पत्तं पि हु, करीसनिच्छोडियं कयतिकप्पं ।
कप्पइ जं तदवयवो, सहस्सघाई विसलवो व्व ॥५४॥

તેનાથી યુક્ત પાત્ર પણ રાખથી સાફ કર્યા પછી, ત્રણ વાર ધોયા પછી જ કલ્પે છે, કારણકે તેનો અવયવ પણ સહસ્રઘાતી વિષના કણની જેવો ખતરનાક છે.

सेसा विसोहिकोडी, तदवयवं जं जहिं जया पडियं ।
असढो पासइ तं चिय, तओ तया उद्धरे सम्मं ॥५५॥

બાકીના વિશોધિકોટિ છે. તેનો જે અવયવ જ્યાં જ્યારે પડે, અશઠ સાધુ તેને જોઈને ત્યારે જ ત્યાંથી સારી રીતે કાઢી લે.

तं चेव असंथरणे, संथरणे सव्वमवि विगिंचंति ।
दुल्लहदव्वे असढा, तत्तियमेत्तं चिय चयंति ॥५६॥

તે નિર્વાહ ન થતો હોય ત્યારે સમજવું. નિર્વાહ થતો હોય તો બધું જ ત્યજી દે. દુર્લભ દ્રવ્ય (ઘી વગેરે) હોય તો અશઠ સાધુઓ (જેટલું દોષિત હોય) તેટલું જ છોડે.

भणिया उग्गमदोसा, संपइ उप्पायणाए ते वोच्छं ।
जेऽणज्जकज्जसज्जो, करेज्ज पिंडट्ठमवि ते य ॥५७॥

ઉદ્‌ગમ દોષો કહ્યા. હવે ઉત્પાદનના દોષો કહું છું, જે નીચ કાર્યમાં તત્પર થયેલો આહાર માટે કરે.

धाइ दूइनिमित्ते, आजीववणीमगे तिगिच्छा य ।
कोहे माणे माया, लोभे अ हवंति दस एए ॥५८॥

ધાત્રી, દૂતી, નિમિત્ત, આજીવક, વનીપક, ચિકિત્સા, ક્રોધ, માન, માયા અને લોભ આ દસ થાય.

पुव्विं पच्छा संथव, विज्जामंते य चुन्नजोगे य ।
उप्पायणाए दोसा, सोलसमे मूलकम्मे य ॥५९॥

પૂર્વ અને પશ્ચાત્ સંસ્તવ, વિદ્યા, મંત્ર, ચૂર્ણ, યોગ અને સોળમું મૂલકર્મ એ ઉત્પાદનના દોષો છે.

बालस्स खीरमज्जण-मंडणकीलावणंकधाइत्तं ।
करिय कराविय वा जं, लहइ जइ धाइपिंडो सो ॥६०॥

બાળકને દૂધ પીવડાવવું, સ્નાન કરાવવું, શણગારવો, રમાડવો, ખોળામાં રાખવો - આ ધાત્રીપણું કરી કે કરાવીને જે મેળવાય, તે ધાત્રીપિંડ.

कहियमिहो संदेसं, पयडं छन्नं च सपरगामेसु ।
जं लहइ लिंगजीवी, स दूइपिंडो अणहाफलो ॥६१॥

સ્વ - પર ગામમાં પ્રગટ કે ગુપ્ત રીતે સંદેશો આપીને વેશધારી જે મેળવે, તે દૂતીપિંડ અનિષ્ટ ફળવાળો છે.

जो पिंडाइनिमित्तं, कहइ निमित्तं तिकालविसयं पि ।
लाभालाभसुहासुह-जीविअमरणाइ सो पावो ॥६२॥

જે આહારાદિ માટે લાભ-અલાભ, શુભ-અશુભ, જીવન-મરણ વગેરે ત્રણે કાળના નિમિત્તને કહે, તે પાપી છે.

जच्चाइधणाण पुरो, तग्गुणमप्पं पि कहिय जं लहइ ।
सो जाईकुलगणकम्म-सिप्पआजीवणापिंडो ॥६३॥

ઊંચી જાતિવાળા વગેરેની સામે પોતાને પણ તે જ જાતિવાળો વગેરે કહીને જે મેળવાય તે જાતિ-કુળ-ગણ-કર્મ-શિલ્પ આજીવના પિંડ છે.

माइभवा विप्पाइ व, जाइ उग्गाइ पिउभवं च कुलं ।
मल्लाइ गणो किसिमाइ, कम्म चित्ताइ सिप्पं तु ॥६४॥

માતાથી આવેલ હોય તે અથવા બ્રાહ્મણાદિ જાતિ, પિતાથી આવેલ હોય તે અથવા ઉગ્રાદિ કુળ, મલ્લ વગેરે ગણ, કૃષિ વગેરે (કુલપરંપરાથી આવે તે) કર્મ, ચિત્ર વગેરે (ગુરુ પાસે શીખાય તે) શિલ્પ.

पिंडट्ठा समणातिहि-माहणकिविणसुणगाइभत्ताणं ।
अप्पाणं तब्भत्तं, दंसइ जो सो वणिमो त्ति ॥६५॥

આહારાદિ માટે શ્રમણ, અતિથિ, બ્રાહ્મણ, કૃપણ (દુઃખી-દરિદ્ર) કે કૂતરા વગેરેના ભક્તને, પોતે પણ તેનો જ ભક્ત છે તેવું જે બતાવે, તે વનીપક.

भेसज्जवेज्जसूयणं, उवसामणवमणमाइकिरियं वा ।
आहारकारणेण वि, दुविह तिगिच्छं कुणइ मूढो ॥६६॥

મૂઢ સાધુ આહાર માટે ઔષધ - વૈદ્યનું સૂચન કે ઉપશમન-વમનાદિ ક્રિયારૂપ બે પ્રકારની ચિકિત્સા કરે છે.

विज्जातवप्पभावं, निवाइपूयं बलं व से नाउं ।
दट्ठूण व कोहफलं, दिंति भया कोहपिंडो सो ॥६७॥

વિદ્યા કે તપનો પ્રભાવ, રાજા વગેરે દ્વારા પૂજા કે સાધુની શક્તિ જાણીને કે ક્રોધનું ફળ જાણીને ભયથી જે આપે, તે ક્રોધપિંડ.

लद्धिपसंसत्तिइउ, परेण उच्छाहिओ अवमओ वा ।
गिहिणोऽभिमाणकारी, जं मग्गइ माणपिंडो सो ॥६८॥

લબ્ધિની પ્રશંસાથી બીજા વડે પ્રેરાયેલો કે તર્જનાથી અપમાન કરાયેલો, ગૃહસ્થને અભિમાન કરાવનારો જે માગે તે માનપિંડ.

मायाए विविहरूवं, रूवं आहारकारणे कुणइ ।
गिण्हिस्समिमं निद्धाइ, तो बहु अडइ लोभेणं ॥६९॥

માયાથી આહાર માટે વિવિધ પ્રકારના રૂપ લે (તે માયાપિંડ). "આ સ્નિગ્ધ વગેરે આહાર જ લઈશ" એમ લોભથી ઘણું ફરે (તે લોભપિંડ).

कोहे घेवरखवओ, माणे सेवइयखुड्डओ नायं ।
मायाएऽऽसाढभूई, लोभे केसरयसाहु त्ति ॥७०॥

ક્રોધમાં ઘેબરતપસ્વી, માનમાં સેવતિકાક્ષુલ્લક, માયામાં આષાઢાભૂતિ, લોભમાં સિંહકેસરીયા સાધુ દૃષ્ટાંત છે.

थुणणे संबंधि संथवो, दुहा सो य पुव्व पच्छा वा ।
दायारं दाणाउ, पुव्वं पच्छा व जं थुणइ ॥७१॥

પ્રશંસારૂપ અને સંબંધરૂપ સંસ્તવ બે પ્રકારનો છે - પૂર્વ અને પશ્ચાત્. દાનની પહેલાં કે પછી દાતાની જે પ્રશંસા કરે (તે પ્રશંસારૂપ સંસ્તવ.)

जणणिजणगाइ पुव्वं, पच्छा सासुससुरयाइ जं च जई ।
आयपरवयं नाउं, संबंधं कुणइ तदणुगुणं ॥७२॥

જે સાધુ પોતાની અને સામેનાની ઉંમર જાણીને તેને અનુસાર માતા-પિતા વગેરે પૂર્વ અને સાસુ-સસરા વગેરે પશ્ચાત્ સંબંધ બતાવે (તે સંબંધરૂપ સંસ્તવ).

साहणजुत्ता थीदेवया य, विज्जा विवज्जए मंतो ।
अंतद्धाणाइफला, चुन्ना नयणंजणाइया ॥७३॥

સાધનાયુક્ત હોય અથવા સ્ત્રીદેવતાથી અધિષ્ઠિત હોય તે વિદ્યા છે. મંત્ર તેનાથી વિપરીત - સાધનારહિત (પાઠસિદ્ધ) અથવા પુરુષદેવતાથી અધિષ્ઠિત હોય છે. નેત્રાંજન વગેરે ચૂર્ણ, અંતર્ધાન(=અદૃશ્યતા) વગેરે ફળવાળા છે.

सोहग्गदोहग्गकरा, पायपलेवाइणो य इह जोगा ।
पिंडट्ठमिमे दुट्ठा, जईण सुयवासियमईण ॥७४॥

સૌભાગ્ય - દુર્ભાગ્ય કરનારા પાદલેપ વગેરે યોગ છે. શ્રુતવાસિત મતિવાળા સાધુઓને આહાર માટે તે બધા (વિદ્યા, મંત્ર વગેરે) દુષ્ટ છે.

मंगलमूलीण्हवणाइ, गब्भवीवाहकरणघायाइ ।
भववणमूलकम्मंति, मूलकम्मं महापावं ॥७५॥

મંગળ મૂળિયા, સ્નાન કરાવવું, ગર્ભ ધારણ કરાવવો, વિવાહ કરાવવો, ગર્ભપાત કરાવવો કે વિવાહ તોડાવવા તે સંસારરૂપી વનના મૂળ જેવા કાર્ય હોવાથી મહાપાપી મૂલકર્મ દોષ છે.

इय वुत्ता सुत्ताउ, बत्तीस गवेसणेसणादोसा ।
गहणेसणदोसे दस, लेसेण भणामि ते य इमे ॥७६॥

આ પ્રમાણે શાસ્ત્રમાંથી ગવેષણૈષણાના બત્રીસ દોષ કહ્યા. ગ્રહણૈષણાના દસ દોષ છે, તે ટૂંકમાં કહું છું. તે આ પ્રમાણે...

संकियमक्खियनिक्खित्त-पिहियसाहरियदायगुम्मीसे ।
अपरिणयलित्तछड्डिय, एसणदोसा दस हवंति ॥७७॥

શંકિત, મ્રક્ષિત, નિક્ષિપ્ત, પિહિત, સંહૃત, દાયક, ઉન્મિશ્ર, અપરિણત, લિપ્ત, છર્દિત આ દસ એષણાદોષો છે.

संकिय गहणे भोए, चउभंगो तत्थ दुचरिमा सुद्धा ।
जं संकइ तं पावइ, दोसं सेसेसु कम्माई ॥७८॥

ગ્રહણ કે ભોજનમાં શંકિત એમ ચાર ભાંગા છે. તેમાં બીજો અને ચોથો (ભોજનમાં અશંકિતવાળા બે) શુદ્ધ છે. બાકીના બે ભાંગામાં આધાકર્માદિ દોષોમાંથી જેની શંકા હોય, તે દોષ લાગે.

सच्चित्ताचित्तमक्खियं, दुहा तत्थ भूदगवणेहिं ।
तिविहं पढमं बीयं, गरहियइयरेहिं दुविहं तु ॥७९॥

મ્રક્ષિત સચિત્ત, અચિત્ત એમ બે પ્રકારે છે. તેમાં સચિત્ત - પૃથ્વી - પાણી - વનસ્પતિ એમ ત્રણ પ્રકારે છે. અચિત્ત - ગર્હિત અને અગર્હિત એમ બે પ્રકારે છે.

संसत्तअचित्तेहि, लोगागमगरहिएहि य जईण ।
सुक्कल्लसचित्तेहि य, करमत्तं मक्खियमकप्पं ॥८०॥

સંસક્ત એવી અચિત્ત વસ્તુથી, લોક કે આગમમાં નિંદિત વસ્તુથી, સૂકી કે ભીની સચિત્ત વસ્તુથી હાથ કે વાસણ મ્રક્ષિત (ખરડાયેલ) હોય તો સાધુને અકલ્પ્ય છે.

पुढविदगअगणिपवणे, परित्तणंते वणे तसेसुं च ।
निक्खित्तमचित्तं पि हु, अणंतरपरंपरमगेज्झं ॥८१॥

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, પ્રત્યેક અને અનંતકાય વનસ્પતિ અને ત્રસ પર અનંતર કે પરંપર રહેલું અચિત્ત પણ અગ્રાહ્ય છે.

सचित्ताचित्तपिहीए, चउभंगो तत्थ दुट्ठमाइतिगं ।
गुरुलहुचउभंगिल्ले, चरिमे वि दुचरिमगा सुद्धा ॥८२॥

સચિત્ત અને અચિત્ત (વહોરાવવાની વસ્તુ અને ઢાંકવાની વસ્તુ) એમ પિહિતમાં ચાર ભાંગા છે. તેમાં પહેલા ત્રણ દુષ્ટ છે. છેલ્લા (બંને અચિત્ત હોય તેવા) ભાંગામાં પણ ગુરુ-લઘુના ચાર ભાંગામાં બીજો અને છેલ્લો (ઢાંકવાની વસ્તુ હલકી હોય તેવા બે) શુદ્ધ છે.

खिवियन्नत्थमजोग्गं, मत्ताउ तेण देइ साहरियं ।
तत्थ सचित्ताचित्ते, चउभंगो कप्पइ उ चरमे ॥८३॥

(આપવા માટે) અયોગ્ય દ્રવ્યને વાસણમાંથી અન્યત્ર નાખીને આપે તે સંહૃત. તેમાં (નાંખવાની વસ્તુ અને જેના પર નાખે તે વસ્તુ) સચિત્ત અને અચિત્તના ચાર ભાંગા થાય, તેમાં છેલ્લા (બંને અચિત્ત હોય તેવા) ભાંગામાં કલ્પે.

तत्थ वि य थोवबहुयं, चउभंगो पढमतईयगाइण्णा ।
जइ तं थोवाहारं, मत्तगमुक्खिविय वियरेज्जा ॥८४॥

તેમાં પણ (નાંખવાની વસ્તુ અને જેના પર નાખે તે વસ્તુ) થોડી કે વધુના ચાર ભાંગા થાય. તેમાં પહેલો અને ત્રીજો (નાંખવાની વસ્તુ થોડી હોય) ભાંગો આચીર્ણ (કલ્પ્ય) છે - જો થોડા આહારવાળું વાસણ ઉપાડીને આપે તો જ.

थेरऽपहुपंडवेविर-जरियंधऽवत्तमत्तउम्मत्ते ।
करचरणछिन्नपगलिय-नियलंडु य पाउयारूढो ॥८५॥

વૃદ્ધ, માલિક ન હોય તે, નપુંસક, ધ્રૂજતો, તાવવાળો, આંધળો, બાળક, દારૂ પીધેલ, અભિમાની - અક્કડ અથવા પાગલ, કપાયેલ હાથ-પગવાળો, રસી ઝરતા હોય તેવો, બેડીથી બંધાયેલો, પાદુકા પર ઊભેલો...

खंडइ पीसइ भुंजइ,
कत्तइ लोढेइ विक्किणइ ।
पिंजे दलइ विरोलइ,
जेमइ जा गुव्विणि बालवच्छा य ॥८६॥

ખાંડતી, પીસતી(વાટતી), ભુંજતી, કાંતતી, કપાસમાંથી રૂ કાઢતી, રૂ છૂટું કરતી, રૂ પીંજતી, દળતી, વલોવતી, જમતી, ગર્ભવતી, બાળવત્સા...

तह छक्काए गिण्हइ, घट्टइ आरंभइ खिवइ दट्ठु जइं ।
साहारणचोरियगं, देइ परक्कं परट्ठं वा ॥८७॥

સાધુને જોઈને ષટ્કાયને લેતી, અડતી, વિરાધતી, મૂકતી, ઘણાનું ભેગી માલિકીનું, ચોરીનું, પારકું, બીજા માટેનું આપે...

ठवइ बलिं उव्वत्तइ, पिठराइ तिहा सपच्चवाया जा ।
देंतेसु एवमाइसु, ओघेण मुणी न गिण्हन्ति ॥८८॥

બલિ આપવા કાઢે, ભારે વાસણ વગેરે નમાવીને આપે, ત્રણ પ્રકારે (ઉપર-નીચે-તિર્યક્) નુકસાનની શક્યતાવાળા.. આવા બધા આપતા હોય ત્યારે સામાન્યથી મુનિ લેતા નથી.

जोग्गमजोग्गं च दुवे वि, मिसिउं देइ जं तमुम्मीसं ।
इह पुण सचित्तमीसं, न कप्पमियरंमि उ विभासा ॥८९॥

(વહોરવા માટે) યોગ્ય - અયોગ્ય બંને ભેગું કરીને આપે, તે ઉન્મિશ્ર. તેમાં સચિત્તમિશ્ર ન કલ્પે. અચિત્ત મિશ્રમાં ભજના છે.

अपरिणयं दव्वं चिय, भावो वा दोण्ह दाण एगस्स ।
जइणो वेगस्स मणे, सुद्धं नऽन्नस्सऽपरिणमियं ॥९०॥

દ્રવ્ય જ અપરિણત (સચિત્ત) હોય, અથવા બે આપનારમાંથી એકને જ આપવાનો ભાવ હોય, અથવા એક સાધુને શુદ્ધ (નિર્દોષ) લાગતું હોય, બીજાને અશુદ્ધ (દોષિત) લાગતું હોય, તે અપરિણત.

दहिमाइलेवजुत्तं, लित्तं तमगेज्झमोहओ इहयं ।
संसट्ठमत्तकरसावसेसदव्वेहिं अडभंगा ॥९१॥

દહીં વગેરે ચીકાશથી યુક્ત તે લિપ્ત. તે સામાન્યથી અગ્રાહ્ય છે. તેમાં સંસૃષ્ટ હાથ, વાસણ અને સાવશેષ દ્રવ્યથી આઠ ભાંગા છે.

एत्थ विसमेसु घेप्पइ, छड्डियमसणाइ होंतपरिसाडिं ।
तत्थ पडंते काया, पडिए महुबिंदुदाहरणं ॥९२॥

તેમાં વિષમ (એકી - સાવશેષ દ્રવ્યવાળા) ભાંગામાં વહોરે છે. અશનાદિ ઢોળાય તે છર્દિત. તેમાં જીવો પડે. તેમાં મધુબિંદુનું ઉદાહરણ છે.

इय सोलस सोलस दस, उग्गमउप्पायणेसणा दोसा ।
गिहिसाहूभयपभवा, पंच गासेसणाए इमे ॥९३॥

આ પ્રમાણે ૧૬ ઉદ્‌ગમ, ૧૬ ઉત્પાદન, ૧૦ એષણા દોષો અનુક્રમે ગૃહસ્થ - સાધુ અને ઉભયથી ઉત્પન્ન થનારા છે. ગ્રાસૈષણામાં આ (આગળ કહેવાતા) પાંચ દોષો છે.

संजोयणा पमाणे, इंगाले धूम कारणे पढमा ।
वसहि बहिरंतरे वा, रसहेउं दव्वसंजोगा ॥९४॥

સંયોજના, પ્રમાણ, અંગાર, ધૂમ અને કારણ. વસતિની બહાર કે અંદર સ્વાદ માટે દ્રવ્યને ભેગા કરવા તે સંયોજના.

धिइबलसंजमजोगा, जेण ण हायंति संपइ पए वा ।
तं आहारपमाणं, जइस्स सेसं किलेसफलं ॥९५॥

હમણાં કે પછી, જેનાથી ધૃતિ, બળ અને સંયમયોગો ઘટે નહીં, તે સાધુના આહારનું પ્રમાણ છે. તેથી વધારે પ્રમાણ નુકસાનકારક છે.

जेणऽइबहु अइबहुसो, अइप्पमाणेण भोयणं भुत्तं ।
हादेज्जव वामेज्जव, मारेज्जव तं अजीरंतं ॥९६॥

કારણકે અત્યંત વધુ કે ઘણી વાર એમ અતિ પ્રમાણમાં વાપરેલું ભોજન ન પચવાથી ઝાડા કરાવે, ઊલટી કરાવે કે મોત લાવે.

अंगारसधूमोवम, चरणिंधणकरण भावओ जमिह ।
रत्तो दुट्ठो भुंजइ, तं अंगारं च धूमं च ॥९७॥

રાગ કે દ્વેષથી વાપરનાર ચારિત્રરૂપી ઈંધણ (લાકડા)ને અંગાર (કોલસા) કે ધૂમાડાવાળું (બળતું) કરે છે, તેથી તે અંગાર અને ધૂમ દોષ છે. (રાગથી અંગાર, દ્વેષથી ધૂમ.)

छुहवेयणवेयावच्च-संजमसुज्झाणपाणरक्खट्ठा ।
इरियं च विसोहेउं, भुंजइ न उ रूवरसहेऊ ॥९८॥

ભૂખની વેદના, વૈયાવચ્ચ, સંયમ, સદ્ધ્યાન, પોતાના પ્રાણની રક્ષા અને ઈર્યાસમિતિની શુદ્ધિ - આ છ કારણે વાપરે; રૂપ કે સ્વાદ માટે નહીં.

अहव न जिमेज्ज रोगे, मोहुदये सयणमाइउवसग्गे ।
पाणिदयातवहेउं, अंते तणुमोयणत्थं च ॥९९॥

અથવા રોગ, મોહનો ઉદય, સ્વજનાદિ દ્વારા ઉપસર્ગ, જીવદયા, તપ માટે કે અંતે શરીરત્યાગ (અનશન) માટે ન વાપરે.

इह तिविहेसणदोसा, लेसेण जहागमं मएऽभिहिया ।
एसु गुरुलहुविसेसं, सेसं च मुणेज्ज सुत्ताउ ॥१००॥

આ પ્રમાણે ત્રણ પ્રકારના એષણા દોષો આગમાનુસારે ટૂંકમાં કહ્યા. તેમાં ગુરુ-લઘુ વગેરે વિશેષ શાસ્ત્રોથી જાણવા.

सोहंतो य इमे तह, जइज्ज सव्वत्थ पणगहाणीए ।
उस्सग्गववायविऊ, जह चरणगुणा न हायंति ॥१०१॥

ઉત્સર્ગ-અપવાદને જાણનાર સાધુ આ દોષોથી બચતો સર્વત્ર પંચકહાનિથી યતના કરે, જેથી ચારિત્રગુણો નાશ ન પામે.

जा जयमाणस्स भवे,
विराहणा सुत्तविहिसमग्गस्स ।
सा होइ निज्जरफला,
अज्झत्थविसोहिजुत्तस्स ॥१०२॥

શાસ્ત્રવિધિના જાણનાર, અધ્યાત્મશુદ્ધિથી યુક્તને યતના પાળતાં જે વિરાધના થાય તે પણ નિર્જરા જ કરાવે.

इच्चेयं जिणवल्लहेण गणिणा,
जं पिंडनिज्जुत्तिओ ।
किंची पिंडविहाणजाणणकए,
भव्वाण सव्वाण वि ॥१०३॥

આ પ્રમાણે જિનવલ્લભ ગણિએ સર્વ ભવ્યોના પિંડવિધાનના જ્ઞાન માટે પિંડનિર્યુક્તિમાંથી જે કંઈ...

वुत्तं सुत्तनिउत्तसुद्धमइणा, भत्तीइ सत्तीइ तं ।
सव्वं भव्वममच्छरा सुयहरा, बोहिंतु सोहिंतु य ॥१०४॥

શાસ્ત્રાનુસારી શુદ્ધ બુદ્ધિથી શક્તિ અનુસારે ભક્તિથી કહ્યું, તે સર્વને દ્વેષરહિત જ્ઞાનીઓ સર્વ ભવ્ય જીવોને જણાવો અને શુદ્ધ કરો.

॥ इति पिण्डविशुद्धिप्रकरणं समाप्तम् ॥

ॐ ह्रीं